

# DiWAli

## The Festival of Lights

**THE**

**CAPE HINDU CULTURAL SOCIETY**

**1980**

**THE CAPE HINDU CULTURAL SOCIETY**

*Extend their heartiest greetings to all for a*
*Happy Deepavali and a Prosperous New Year*



शुभ दीपावली



**NATHU, DAYA & CHOTU CHHAGANLAL PATEL**
**& FAMILIES**

*Wish all a Happy*
*Diwali and Prosperous*
*New Year*

# ROSHAN PRESS

**(Pty) Ltd.**
**Holland Afrika Printers**

**LITHOGRAPHERS • BOXMAKERS • COMMERCIAL PRINTERS**

COR. NOLL AVENUE & DAWID STREET, ATHLONE INDUSTRIA, CAPE
P.O. BOX 46, CRAWFORD 7770, CAPE
PHONE 67-2014 & 67-3222

# તંત્રી સ્થાનેથી

કેઈપ હિન્દુ કલ્ચરલ સોસાયટી તરફથી આ વર્ષે પણ દિવાળી અંક રજુ કરીએ છીએ. આપણી સંસ્કૃતિ અને ધર્મનુ પાલન થાય તેમજ આપણી ભાષા જાગ્રત રાખી શકીએ એવી આશાથી આ કાર્ય હાથ ધર્યું છે. આ દિશામાં ઘણાં સાહિત્યો પ્રસિધ્ધ થાય છે તેમાં અમારો આ અલ્પ ફાળો છે. અમે આશા રાખીએ છીએ કે વાંચકોને આ અંકમાં રજુ થયેલા લેખો પ્રેરણા દાયક બને.

આ અંક પ્રસિધ્ધ કરવામાં અમને ભાઈ બહેનો તરફથી સહકાર મળ્યો છે. તેમનો અને જાહેર ખબરો આપી આર્થિક મદદ કરનારા વ્યક્તિઓ તેમજ પેઢીઓનો અમે આભાર માનીએ છીએ. ભવિષ્યનાં અંકોને વધારે સમૃધ્ધ બનાવવા આપ સૌનો ફાળો મળશે એવી આશા રાખીએ છીએ.

અંકમાં પ્રસિધ્ધ થયેલા લેખો, કાવ્યો અને બીજી સામગ્રીમાં દર્શાવાયેલા બધાંજ વિચારો સાથે તંત્રી મંડળ સહમત છે એમ આલેખાશે નહિ.

આપ સૌને દિવાળીના અભિનંદન. આવતી કાલથી શરૂ થતું નૂતન વર્ષ આપને અને આપના કુટુંબીજનોને સર્વ પ્રકારે સુખ દાયી નીવડે એવી અમારી પ્રાર્થના છે.

લી. તંત્રી મંડળ

# EDITORIAL

The Cape Hindu Cultural Society takes pleasure in publishing once again our annual Diwali magazine. We believe that it is essential that our Hindu culture and religion be maintained. It is also our firm conviction that our language should not be allowed to fade away. There are numerous other forms of Gujerati literature being regularly published, also motivated by the idea of keeping our culture and language alive, and this is our small contribution to this end. We do hope that the articles published in this magazine will be a source of inspiration to our readers.

We have received assistance from various members in our efforts to publish this magazine. To them as well as to the individuals and bodies who have assisted us financially by subscribing in the form of advertisements, we would like to express our sincere gratitude. We sincerely hope that our future publications will contain a greater variety of literature and look forward to a more enthusiastic response from the numerous authors in our community.

We take this opportunity to extend to you our sincere Diwali Greetings and pray that the New Year commencing tomorrow will be one of peace and prosperity for all.

The editorial board would like to comment that the sentiments and thoughts expressed in this magazine do not necessarily reflect those of the editorial board.

દરેક સગાસબંધીઓ, મિત્રો અને સોસાયટીના
સભ્યોને

**દિવાળી અને નૂતન વર્ષ**

ના અભિનંદન



ગણેશભાઈ પી. લાલા અને સહકુટુંબ

81 FLAT ROAD RYLANDS ESTATE

TEL. 686609 (RES)





નૂતન વર્ષ નૂતન આશા મંગલ ઉમંગ વ્યાપો
સમાજ સેવા કરી શાન્તી સદા સ્થાપો
રૂડા કાર્યો કરી જગામા રહો કીર્તિ ફૂળો
આશા સહુ સુખ સંપત્તિ પામો
અમારા અંતરની એજ અભિલાષા

**કેઈપ હિન્દુ મહિલા મંડળ**

**P.O. BOX 150, GATESVILLE 7764**



*Wishing all friends and relatives*

*A Happy Diwali*

*and Prosperous New Year*



**DAHIBHEN KANA HIRA**

**NANOO KANA HIRA & FAMILY**

20 Farm Road
Rylands Estate

Phone
67-1539

# પ્રમુખશ્રી નો સંદેશો

શ્રી છીબાભાઈ જેરામભાઈ પટેલ

**આ**જનુ આપણું જીવન ખૂબજ ઉપાધી ભરેલું અને અશાંતિમય બની રહ્યું છે. જીવનમાં નિરાંતની ઘડી મેળવવા માટે મનુષ્ય અનેક પ્રયાસો કરી રહ્યો છે. પરંતુ એ સર્વ પ્રયાસોનું વળતર પાયા વગરનું હોવાથી નિષ્ફળતાના ચિન્હો દર્શિત થતા રહ્યાં છે. આપણા પૂર્વજો તરફથી આપણને એક એવું અમુલ્ય સાધન મળ્યું છે પરંતુ અફસોસ કે એ ધન આપણી સમક્ષ હોવા છતાં એનો ઉપયોગ કરતા નથી. બલ્કે એને બાજુએ હડસેલી મૃગજળ રૂપી માયા તરફ દોટ કરી રહ્યા છીએ. શરદીથી થતી અડચણને અટકાવવા માટે ડૉક્ટર ઈંજેક્શનથી અલ્પ સમય માટે આરામની રાહત આપી શકે છે તેમ આપણા આ પ્રયાસો બહુંજ ટૂંકા સમય માટે શાંતિ પમાડશે. જીવનમાં શાંતિ અને સ્થિરતા પ્રાપ્ત કરવા માટે તો આપણને વારસામાં મળેલા એ અમુલ્ય ધનનો જ આસરો લેવો પડશે. આપણો ધર્મ એજ એવું એક ધન છે કે જેનુ સાચા મનથી મનન કરવાથી જીવનની પ્યાસ તૃપ્ત થઈ શકશે.

છોડ રોપ્યા પછી તૂરત ફળની આશા રાખી શકાતી નથી પરંતુ ફળ મેળવવા માટે એ છોડની અનેક માવજત કરવી પડે છે. તેમ વારસામાં મળેલા એ અમુલ્ય ધનને જાળવી રાખવા તથા આપણી ભવિષ્યની પ્રજાને વારસો આપવા આપણો સમાજ પગલાં માંડી રહ્યો છે. કેટલાએ સમયથી આરંભાયેલા એ કાર્યમાં અત્યાર સુધી નો સમય પૂર્વ તૈયારી કરવામાં વેડફાયો છે. અને હવે અત્યાર સુધી કરેલી એ અથાગ મહેનતના ફળના અંકુરો ફૂટી રહ્યાં છે. આપણા સમાજ ની યોજનાનું બાંધકામ (બાળમંદિર, શાળા મંદિર અને હૉલ) શરૂ થઈ ગયું છે. પ્રથમ શાળાના મકાનની શરૂઆત થઈ ગઈ છે.

# CHAIRMAN'S MESSAGE

MR S J PATEL

We are very thankful to Almighty God that commencement has been made in the erection of our Cultural Centre. The long-awaited construction work has been in progress since the month of August and we now need the spiritual, moral and physical strength of each and everyone to complete this undertaking. We dare not leave for tomorrow that which has to be done today. We dare not shirk our responsibilities. We dare not rely on others as is so often done.

The erection of our Cultural Centre must be a community effort. We must collectively take pride in contributing to the best of our ability towards the completion of our project.

Elsewhere in this publication you will find the architect's impression of the centre.

Are we just going to admire that which is on paper? NO! Our ideal must materialise into a concrete reality. What we have commenced we must have the courage and strength to complete. I appeal to every father, mother, brother, sister and child to please rally together and make every effort towards the construction of our centre.

Together with my family, I wish you all a very Happy Diwali and pray God's richest blessings on each and everyone of you.

I remain your humble servant,

S. J. PATEL

*Diwali Greetings to all our Hindu Clients*



# TAJ RADIO & TV

COR. KLIPFONTEIN AND MURTON ROADS • RYLANDS ESTATE 7764

TELEPHONE: 67-4412

**WE SELL . INSTALL . SERVICE . REPAIR**

**ALL MAKES OF:**

- C.B. RADIOS
- CAR RADIOS & TAPES
- BURGLAR ALARMS
- DEMISTERS
- T.V. SETS
- CAR STEREO SETS

**TAJ "We're Simply SOUNDSATIONAL"**

YOUR ONE STOP SOUND SHOP

આપણાં બાળકોને માતૃભાષાનું જ્ઞાન આપીશું તોજ એમને આપણો ધર્મ અને સંસ્કારનું જ્ઞાન મળશે અને એ અમુલ્ય ધન મેળવવાનો માર્ગ લાધશે.

સમાજના આ ભગીરથ કાર્ય માટે ભાઈ બહેનો માં જાગેલો આ ઉત્સાહ અને ઉમંગ ખૂબજ વંદનીય છે. એમની સાચી ભાવના અને ઉદારતા માટે ધન્યવાદ. યુવાન વર્ગમાં જાગેલો ઉમંગ એ સમાજના કાર્યમાં આવેલા વેગથી સાબીત થઈ શકશે.

મારી તો એક જ પ્રાર્થના છે કે હે પ્રભુ અમારી જરૂરીઆત પૂરી કરવાને માટે અમને સર્વને શક્તિમાન બનાવો, સાચું માર્ગદર્શન આપો. આપ સૌના ઉત્સાહ ભર્યા સાથ અને સહકારથી અવકાશ માં વિલિન થઈ જતા આપણા ધર્મને બચાવો. પરમ કૃપાળુ પરમાત્મા આજથી શરૂ થતા નૂતન વર્ષમાં સર્વને સુખ, શાંતિ અને તંદુરસ્તી બક્ષો એવી મારી નમ્ર પ્રાર્થના છે.

લી. છીબાભાઈ જેરામભાઈ પટેલ

---


With Best Wishes
to friends and
relatives



**NAGIN & KANTILAL V. PATEL & FAMILIES**
**27 MAVIS ROAD, RYLANDS ESTATE 7764**


## સાલ મુબારક

રચનાર : બાબરભાઇ ચાવડા

અભિવંદન હો! નવલા વર્ષે,
વર્ષો વહો સુખ સ્નેહ સુહર્ષે,
જગ ઉદ્યાને કિર્તી પરિમલ, સ્નેહ સમિર વડે મસરો,
મત મતાંતર દીલને દરીએ, દફનાવી દીલ સાફ કરો,
**નવલું સાલ મુબારક હો!**

નવલા વર્ષે નવલી આશા,
ભાંગો ભુંડી આશ નીરાશા,
ભવનું ભાથું ભરતાં ભરતાં, ભ્રાંત ભાવ ભંડાર ભરો,
પરના દુઃખે દુખીઆ થઇ, સુખ વૈભવનો સાજ ધરો;
**નવલું સાલ મુબારક હો!**

વિશ્વ વિહાર વિષે વહો કાંન્તિ,
વધજો ધન આયુ સુખ શાંતિ,
જીવન પંથના પુણ્ય પ્રવાસે, પગલાં ડગલાં ભરજો રોજ,
કુદરતના કિનારે બેસી, ઠાલવજો હૈયાંનો હોજ,
**નવલું સાલ મુબારક હો!**

સ્નેહિ જનોમાં સ્નેહ પિપાસા,
વહો જીવનમાં નવનિત આશા;
અનુપમ સુંદર નવલા વર્ષે વેર ઝેરનાં છેદો મુળ,
નવલા વર્ષે નવયુગ સ્થાપી, ઝળ હળાવો ભારતી કુળ,
**નવલું સાલ મુબારક હો!**

# GENERAL COMMITTEE OF THE CAPE HINDU CULTURAL SOCIETY 1980 - 1981

SHIBABHAI J PATEL — *Chairman*
GOVINDBHAI B. PATEL — *Vice-Chairman*
HARGOVINDBHAI B. GOVAN — *Vice-Chairman*
NAGINBHAI B. PATEL —*Secretary*
GOPALBHAI N. BILLIMORIA — *Secretary*
BHAGATBHAI B. GOVAN — *Treasurer*
SUBASHBHAI N. RAMA —*Treasurer*
JERAMBHAI V. PATEL
THAKORBHAI G. BHIKHA
SHANTILAL RAMJEE
GULABBHAI E. JEEVAN
RAMCHANDRA L. KOVID
HANSABHEN P. PARSOTAM
KANTILAL V. PATEL
KANTILAL N. PATEL
KANUBHAI DAYAL SUKHA
JACKISONBHAI L. NAVSARIA
HARISHBHAI M. RAMA
PUSHPABHEN G. BILLIMORIA
CHANDANBHEN G. SURATWALA
NANUBHAI K. HIRA
GAMANBHAI V. KASSAN
DOLATBHAI H. MAKAN
KANJEEBHAI P. PATEL
MOHANBHAI B. KALAN
JERAMBHAI D. SUKHA
NAGINBHAI G. BHIKHA
CHAGANBHAI NATHOO
NATHUBHAI C. PATEL

# PUBLICATIONS COMMITTEE

GOPALBHAI N. BILLIMORIA — *Chairman*
NATHUBHAI C. PATEL — *Secretary*
SUBASHBHAI N. RAMA — *Treasurer*
KANUBHAI D. SUKHA
HARISHBHAI M. RAMA
DOLATBHAI H. MAKAN
GOVINDBHAI B. PATEL
NAGINBHAI V. PATEL
KANTILAL V. PATEL

## ASSISTED BY

SURY RANCHOD, KHANDOOBHAI R. DAYARAM, BALOOBHAI BHOOLA, GANESHBHAI P. LALLA, RAMCHANDRA L. KOVID.

# SCHOOL COMMITTEE

GOVINDBHAI B. PATEL — *Chairman*
HANSABHEN P. PARSOTAM — *Secretary*
JERAMBHAI V. PATEL — *Treasurer*
KANUBHAI D. SUKHA
NATHUBHAI C. PATEL
JACKISON L. NAVSARIA
SHANTILAL RAMJEE
KANJEEBHAI P. PATEL
GAMANBHAI V. KASSAN
BHAGATSINGH B. GOVAN
NANUBHAI K. HIRA

# TRUSTEES

SHIBHABHAI J. PATEL — *Chairman*
BHAGATSINGH B. GOVAN — *Secretary*
GOVINDBHAI B. PATEL — *Treasurer*
THAKORBHAI G. BHIKHA
SHANTILAL RAMJEE
JERAMBHAI V. PATEL

# COMMITTEE FOR AUSPICIOUS & INAUSPICIOUS OCCASIONS

CHAGANBHAI NATHOO — *Chairman*
HARGOVANBHAI B. GOVAN — *Secretary*
GULABBHAI E. JEEVAN
GAMANBHAI V. KASSAN
CHANDANBHEN G. SURATWALA
PUSHPABHEN G. BILLIMORIA
SUBASHBHAI N. RAMA

# EXECUTIVE COMMITTEE

SHIBHABHAI J. PATEL — *Chairman*
GOPALBHAI N. BILLIMORIA —*Secretary*
SUBASHBHAI N. RAMA — *Treasurer*
GOVINDBHAI B. PATEL
SHANTILAL RAMJEE
JERAMBHAI V. PATEL
THAKORBHAI G. BHIKHA
GULABBHAI E. JEEVAN
HARGOVINDBHAI B. GOVAN

# Simba Chips just roarrr with flavour!



Simba

A MEMBER OF THE FEDFOOD COMPANY



# ધી કેઈપ હિન્દુ કલ્ચરલ સૌસાયટી

## પ્રવૃત્તિઓ

સંસ્થાની પ્રવૃત્તિઓ નીચે મુજબ સમસ્ત ગુજરાતીઓ માટે હાથ ધરવામાં આવે છે :-

૧) ગુજરાતી શાળાનું સંચાલન અને નિભાવ
૨) ધાર્મિક પ્રવૃત્તિઓ જીવંત રાખવા દેશ પરદેશથી પધારેલા ધર્મપ્રચારકોને બોલાવી તેમના જ્ઞાન નો લાભ લેવા માટે સભાઓ યોજવામાં આવે છે.
૩) ધાર્મિક તહેવારો - રામનવમી, કૃષ્ણ જયંતિ, ગાંધી જયંતિ અને દિવાળી ઉત્સવ ઊજવવામાં આવે છે.

## સંસ્થાનો ટૂંકો ઈતિહાસ

કેઈપ હિન્દુ કલ્ચરલ સૌસાયટી સ્થાપ્યાને ૭ વર્ષ પૂરાં થયાં છે. સંસ્થાની સ્થાપના પૂર્વે, ધી યુનાઈટેડ હિન્દુ એસોસીએશન ની હસ્તી ૬૦-૭૦ વર્ષ સુધી હતી. આ સંસ્થાએ ગુજરાતી શાળાની સ્થાપના ૧૯૪૭ માં કરી હતી. સંસ્થાએ જમીન મેળવી શાળા તથા હૉલ બંધાવ્યાં હતા. સરકારના કાયદાના લીધે સંસ્થાનું મકાન વેચી દેવું પડયું અને સંજોગોવશાત્ સંસ્થા બંધ થઈ હતી. ત્યારબાદ કેઈપ હિન્દુ કલ્ચરલ સૌસાયટી ની સ્થાપના થઈ હતી.

## સંસ્થાની પ્રગતિ

દાન મળેલી જમીન ઉપર હૉલ, મંદિર અને શાળા બાંધવા સંસ્થાએ નિશ્ચય કર્યો છે. આ જમીન સિવાય સંસ્થાને બીજી થોડી જમીન દાનમાં મળી છે. સમાજના વ્યક્તિઓ તરફથી સુંદર નાણાકિય ફાળો મળ્યો છે જેથી સંસ્થાનાં બાંધકામની શરૂઆત આ વર્ષના ઓગસ્ટ મહિનામાં કરવામાં આવી છે. બે માળનો પહેલો વિભાગ જેમાં શાળા, બાળમંદિર, પુસ્તકાલય, કચેરીઓ, નાનો હૉલ (આશરે 300 માણસોની ગોઠવણ થઈ શકે) અને જમણ માટે રસોડાની ગોઠવણ - જે સમાજની તાત્કાલિક જરૂરિયાતો હોવાથી, આ વિભાગની શરૂઆત પ્રથમ કરવામાં આવી છે.

## ગાંધી સ્મારક શાળા

અત્રે શાળા સરકારી અંગ્રેજી હાઈ સ્કુલનાં મકાનમાં ૬ શિક્ષિકાઓ ના હાથ નીચે ચાલે છે. પ્રાથમિક શિશુવર્ગ (PREPARATORY CLASS) અને શિશુવર્ગ થી ધોરણ ૪ સુધી અભ્યાસ અપાય છે. ગુજરાતી ભાષા, વ્યાકરણ, ધર્મશિક્ષા વિગેરે વિષયો ભણાવવામાં આવે છે. શાળાના સંચાલન પર શ્રી રામચંદ્ર કોવિંદ અને ગોવિંદ ભાઈ બી. પટેલ દેખરેખ રાખે છે. વાર્ષિક પરીક્ષા બાદ જાહેર મેળાવડો યોજવામાં આવે છે જે પ્રસંગે વર્ગોમાં ઉપસ્થાને આવેલા બાળકોને ઈનામો આપવામાં આવે છે અને વિદ્યાર્થીઓ તરફથી મનોરંજન કાર્યક્રમ રજૂ થાય છે. આ વર્ષથી વાર્ષિક પરીક્ષા દિવાળી અગાઉ લેવા નક્કી થયું છે જેથી અંગ્રેજી વાર્ષિક પરીક્ષા આપતાં બાળકોને સહેલું થઈ પડે, અને સાથે સાથે મેળાવડા નાં કાર્યક્રમ ની તૈયારી માટે જોઈતા પ્રમાણનો સમય મળી શકે.

---



*May the Light of Diwali destroy*
*the darkness in your life,*
*and fill it with*
*Hope, Courage and Everlasting Joy.*



**JAYANTI & NATVER GOVAN PATEL & FAMILIES**
29 Mavis Road, Rylands Estate 7764



*Wishing all friends and relatives*
*A Happy Diwali*
*and Prosperous New Year*

CHOTUBHAI BHIKHA, RAMESH C. BHIKHA,
JAYANTI B. BHIKHA, SHANTILAL C. BHIKHA
AND FAMILIES
**125 DURBAN STREET, WORCESTER.**

# કેઈપ ટાઉન માં બીજી સંસ્થાઓ

## ધી કેઈપ હિન્દુ મહિલા મંડળ

ઉપરોક્ત સંસ્થાની મહિલાઓ દરેક પ્રકારની પ્રવૃતિમાં પોતાના અમુલ્ય સમયનો ભોગ આપી હંમેશા સાથ અને સહકાર આપે છે. મહિલાઓ અને બાળાઓના ઉત્સાહભર્યા સાથ સહકારથી ધર્મ અને સંસ્કૃતિનો પ્રચાર દર શ્રાવણ માસમાં કરી શકયા છીએ. ચાલુ વર્ષ દરમિયાન નાની નાની પ્રવૃતિઓ દ્વારા મંડળ સારી રીતે ચાલી રહયું છે. લગ્ન જેવા શુભ પ્રસંગોએ સમાજના ભાઈબહેનો તરફથી નાણાની સારી એવી ભેટ મળે છે. આશા છે કે મહિલા મંડળની પ્રગતિ દિન પ્રતિદિન આગળ વધતી રહે, અને આપણા આખા સમાજને માટે લાભદાયી નિવડે.

લિ. કાર્યવાહકો

## ધાર્મિક સંમેલન

વર્તમાન કાળના વાતાવરણ ના કારણે આપણા બાળકો દિવસે દિવસે ગુજરાતી ભાષા અને આપણી સંસ્કૃતિ ભૂલતા જાય છે. આ દિશામાં આપણી ગાંધી સ્મારક શાળા મહત્વનો ભાગ ભજવી રહી છે, તેવીજ રીતે ધાર્મિક સંમેલન આપણી સંસ્કૃતિ જાળવવા માટેના અન્ય પ્રયાસો કરી રહી છે. બાળકો આ પ્રવૃતિમાં અમુલ્ય લાભ લઈ રહ્યા છે જે એમના ભાવી જીવનમાં મહત્વરૂપ બનશે.

વેદ નિકેતન તરફથી યોજાયેલ ધર્મ શિક્ષાના પહેલા અને બીજા વિભાગમાં આ વર્ષે બાળકોએ પરીક્ષામાં ભાગ લીધો, તેમાંથી ૯૩.૫ % બાળકો પાસ થયા અને ૨૦ બાળકોએ ઉચ્ચ કક્ષાના પાસ મેળવ્યા. આવતા વર્ષે અમે ત્રીજો વિભાગ પણ દાખલ કરવાની અપેક્ષા સેવીએ છીએ.

ગત દિપોત્સવી પ્રસંગે આગામી વર્ષો મુજબ બાળકોને એમની હાજરીનાં પ્રમાણમા ભેટો અર્પણ થઈ હતી. આ વર્ષે શ્રીમાન મણીલાલભાઈ ત્રિભોવનદાસ ધીવાળા અને પરિવારની શુભ લાગણી ના કારણે આ ઈનામની યોજના અમલમા મૂકાઈ હતી.

દિપોત્સવી પ્રસંગે ગરીબોને ન ભૂલતાં ભૂતકાળ મુજબ ફરી વાર અન્નદાનની વહેંચણીમાં સભ્યોએ ઉદારતાથી એમનો આર્થિક ભોગ આપ્યો હતો. લગભગ ૪૦ થી ૫૦ ગરીબ કુટુંબોને તેનો લાભ મળ્યો છે.

ગત ઉનાળા દરમ્યાન ફરીવાર બાળકોને ઉજાણી માટે લઈ જવામાં આવ્યા હતાં.

હરહંમેશ દેશ વિદેશના મહાનુભાવો જે આપણા શહેરમાં પધારે છે, તે સર્વે આપણી પ્રવૃતિ નિહાળવા વગર જતાં નથી. સાથો સાથ પ્રશંષા કરતા જાય છે. ફક્ત આ સંસ્થાની નહિ પણ કેપટાઉન સમાજની એક સામાજીક પ્રવૃતિની પ્રશંષા કરે છે.

અમારી પ્રાર્થના કે આપણી આ સંસ્થા સમસ્ત હિંદુ સમાજના સર્વેને લાભદાયી બને.

લિ. કાર્યવાહકો.

## ધી કેઈપ હિન્દુ ભજન મંડળ

આજથી ૪૫ વર્ષ પૂર્વે કેપટાઉનમાં ધર્મપ્રેમી ગુજરાતી ભાઈઓ તરફથી પ્રેમપૂર્વક કેઈપ હિન્દુ ભજન મંડળની સ્થાપના કરવામાં આવી હતી. દર રવિવારે સાંજે ૬ થી ૮ સુધી ભજન કીર્તનનો કાર્યક્રમ અને વક્તાઓ તરફથી પ્રવચનો રજૂ થાય છે. શ્રાવણમાસે અને અધિક માસે દર રાત્રે ભજનકીર્તન નો કાર્યક્રમ રાખવામાં આવે છે. ભજન મંડળની ભજનાવળીની માંગણી ઘણી આવી હોવાથી ટૂંક સમયમાં બીજી ૧૦૦૦ ચોપડીઓ છપાશે. જયારે જયારે સંસ્થા તરફથી અમોને ભાવભીનું આમંત્રણ મળે છે ત્યારે અમો પ્રેમપૂર્વક સ્વીકાર કરીએ છીએ. કૃષ્ણ જયંતિ, રામ નવમી અને ગાંધી જયંતિના પર્વોમાં પણ મંડળ ભજન કીર્તનનો કાર્યક્રમ રજૂ કરે છે. ધર્મપ્રેમી ભાઈબહેનોનો અત્યંત સાથ અને સહકાર થી અમો, કાર્યવાહકોને કામ કરવાનો ઘણો ઉત્સાહ રહે છે. સર્વેનો હાર્દિક આભાર માનીએ છીએ. મણીલાલ ધીવાળાનો પણ આભાર માનીએ છીએ કે જેમણે ઉદારદીલથી એમનુ મકાન ભજન મંડળને વાપરવા આપ્યું છે. દિવાળી અને નૂતન વર્ષના

# Wishing all our Hindu Clients a happy Diwali and a prosperous New Year.

**Standard Bank**

**The Standard Bank of South Africa Limited**

***(Registered Commercial Bank)***

A JOYOUS DIWALI & PROSPEROUS NEW YEAR

**SUKHA & BALWANT GOVAN**
11 BATTS ROAD,
WYNBERG



*Best Wishes for Diwali and the New Year*



**PARBHOO VALLABH PATEL & FAMILY**
62 MAVIS ROAD, RYLANDS ESTATE TEL: 67-6838

અભિનંદન સાથે અમે આપનું આવતુ વર્ષ સર્વપ્રકારે લાભદાયી અને ઉન્નતિકારક નીવડે એવી અભ્યર્થના સેવીએ છીએ. પરમકૃપાળુ પરમાત્મા આપણાને આપણું હિત સમજવા સૌને સંમતી અર્પો એજ અમારી અંતઃકરણની પ્રાર્થના.

લી. કાર્યવાહકો.




# *Diwali Greetings*

from

**H. B. GOVAN & FAMILY**

of

## *Salon Harry*

**LADIES & GENTS HAIR STYLIST**

PAINLESS EAR-PIERCING SERVICE AVAILABLE

38 Dorp Street, Cape Town
Phone: 22-1908

42 Portland Road, Salt River.
Phone: 55-8970

## *Table Valley Take-aways*

103 Buitengracht Street, Cape Town 8001.



# *Wish you all a Happy Diwali and a Prosperous New Year*



FROM

**MRS. LALITA VASSAN**

C/o Ansus Shoe Centre, 3 Logday House Retreat Road,
Retreat 7945 Phone: 72-1693

A JOYOUS DIWALI & PROSPEROUS
NEW YEAR

# BALA PREMJI

## JEWELLERS

**FOR EXQUISITE GOLD AND DIAMOND JEWELLERY IN 22ct AND 18ct**

**7 DUINE ROAD**
**RYLANDS ESTATE**
**ATHLONE 7764**

**TELEPHONE 67-1992**
**TELECALL: 21-5420 EXT. 4758**

BARCLAY-CARD & STANDARD BANK CARDS GLADLY ACCEPTED
OR OUR SPECIAL 12 MONTHS PURCHASE DEAL

# કંબોડિયાનું અંકોરવાટ મંદિર

## ભારતીય સંસ્કૃતિનું પ્રતિક

લેખક
મોહનલાલ બલસારા
પોર્ટ ઈલાઝાબેથ

પ્રાચીન કાળમાં ભારતીય સંસ્કૃતિ વિશ્વભરનાં ઘણાંયે દેશોમાં ફેલાઇ હતી. ઈશુની બીજી શતાબ્દી બાદ દક્ષિણ ભારત માંથી ઘણાં રાજકુટુંબો અને વેપારીઓ કંબોડિયામાં ગયા હતા. ત્યાંનાં ધાર્મિક અને સાંસ્કૃતિક જીવનથી પ્રભાવિત થઇ આ રાજકુટુંબોનાં રાજકુમારોએ કંબોડિયાની રાજકુમારીઓ સાથે લગ્ન કર્યાં અને ત્યાંના સમુહ જીવનમાં ભળી ગયા. આ સમયે ભારતમાં શિલ્પકળાનો સુવર્ણ યુગ હતો અને આ ભારતીય સ્થાપત્ય કલાને ત્યાં ચિરંતન સ્વરૂપ સમર્પવા આ કલાપ્રેમી રાજકુમારોએ ત્યાં સિયમરીપ નામના સ્થાન પર એક અતિભવ્ય અને વિશાળ મંદિરનાં નિર્માણની યોજના કરી અને પુષ્કળ દ્રવ્ય ખર્ચીને અથાગ અને અવિશ્રાંત પરિશ્રમથી એ મહાન યોજનાને મૂર્તમંત સ્વરૂપ આપ્યું.

ભારત અને કંબોડિયાનાં રાજકુટુંબોના લગ્નસંબંધોથી યોજાયેલા વાતાવરણને પરિણામે બન્ને પ્રદેશો વચ્ચે વ્યાપારિક સંબંધ પણ વધુ ગાઢ બન્યો અને ભારતિય રીતરિવાજો, સંસ્કૃતિ અને શિષ્ટાચારનો ફેલાવો છેક જાવા-સુમાત્રા, બાલીદ્વીપ સુધી પ્રસર્યો. ઈસુની ૯મી સદીમાં જયવર્મન રાજાએ અંકોર વાટને પોતાની રાજધાની બનાવી.

એક પ્રતિભાશાળી નગરી રૂપે અંકોરવાટનો વિકાસ થતો રહ્યો અને તે પૂર્વનાં પ્રદેશોમાં એ વૈભવશાળી નગર બની ગયું. તે જમાનાની સંસ્કૃતિનું એ પરમધામ બન્યું. જયવર્મન પછીનાં ખમેરવંશના એ ક્ષત્રિય રાજવીઓએ આ સ્થાન પર ભારતીય શિલ્પકલાથી શોભિત અનેક મંદિરોનાં નિર્માણ કર્યાં. તેઓ આર્યવંશી હોવા માટે ગૌરવ ધરાવતા અહિંની પાઠશાળાઓમાં રામાયણ, મહાભારત, વેદ, પુરાણો અને બીજાં ભારતીય ગ્રંથોનું પઠન-પાઠન થતું. આ સમય નાં રાજવીઓએ છસો કરતાં વધુ સ્મારકો બનાવ્યાં હતાં.

અંકોરનાં ઇતિહાસ પર ત્રણ સમયની વિશેષ છાપ દૃષ્ટિગોચર થાય છે, જેમાં શૈવ ધર્મની જાહોજલાલીના સમયે અંકોરવાટનાં વિશાળ મંદિર બનાવવાનો પ્રારંભ થયો અને બાકોંગ, બંદેસરાય જેવા વિશાળ મંદિરોનું નિર્માણ થયું. આવા મહાન સ્થાપત્ય સર્જનનો યશ, જયવર્મન, રાજેન્દ્રવર્મન, ઇંદ્રવર્મન અને રાજર્ષિ વાયુવર્મનને ફાળે જાય છે. એ સર્વે સ્થાપત્યોમાં ભારતીય સંસ્કૃતિએ પુરેપુરો ભાગ ભજવ્યો છે.

બાદમાં વૈષ્ણવ સંપ્રદાયની જાહોજલાલીનો સમય ઉદભવ્યો, ત્યારે આ ભવ્ય મંદિરોનું બાકી રહેલું કાર્ય પૂર્ણતાએ પહોંચ્યું અને બંદેસરાય મંદિરનાં સર્જનમાં ભારતીય સંસ્કૃતિ પૂર્ણકળાએ ખીલી ઊઠી. આ ભવ્ય મંદિરની ચારે દિશાની દીવાલો પર મહાભારતને રામાયણ યુગનાં કલાપ્રતીકો પથ્થરમાં સર્જાયાં. જેમાં જયવર્મનનાં શાસનનાં કલાપ્રતીકો જોડે સમુદ્રમંથન અને ઉપદેશપ્રદ કથાઓ છે. દક્ષિણભાગની દિવાલ પર ભસ્માસૂર યુધ્ધ અને સ્કંદપુરાણની કથાઓ અંકિત કરવામાં આવી છે.

તે પછીનો ત્રીજો ને છેલ્લો બુધ્ધકાળને સંસ્કૃતિનાં અભ્યોદયનાં જમાનામાં તે રાજધર્મને બદલે પ્રજાધર્મ બની રહયો. ભારતમાં જયારે બૌધધર્મની પડતી આવી ત્યારે કંબોડિયામાં એણે ગૌરવસ્થાન પ્રાપ્ત કર્યું અને રાજા જયવર્મને બૌધ ધર્મ અંગીકાર કરીને બાયોનનું ભવ્ય મંદિર બનાવ્યું. આ મંદિરોની છત ઉપર હાથીઓનાં વૃંદને કાળા પથ્થરોમાં સ્થાપત્ય સ્વરૂપ સમર્પાયું.

અંકોરવાટનું મંદિર એશિયાનાં મહાન મંદિરોમાં જ નહિ પરંતુ વિશ્વભરમાં મહત્વનું સ્થાન ધરાવે છે. રાજા સૂર્ય વર્મન અને જયવર્મને પોતાનાં ઈષ્ટદેવ વિષ્ણુંની મૂર્તિની સ્થાપના કરવા માટે એ ભવ્ય મંદિર બનાવ્યું. ૧૦મી થી ૧૧મી સદીમાં એને બાંધતાં સો વર્ષ થયેલાં, જેમાં અસંખ્ય દેવદેવીની પ્રતિમાઓનુ સ્થાપત્ય યોજાયું છે. મંદિરનાં પ્રવેશદ્વારમાં નાગોની ફેણો કોતરવામાં આવી છે. આ

ભવ્ય મંદિર ૧૦૨૫ મીટર લાંબુ અને ૮૦૦ મીટર પહોળું છે. ફરતે પ્રત્યેક દિશામાં રામેશ્વરમ કે મિનાક્ષી મંદિરની માફક "દિશાક્ષિર" બનાવવામાં આવેલાં છે. ફરતે દિવાલો પર રામાયણ, મહાભારત, વેદ અને પુરાણોની કથાઓ અંકિત કરવામાં આવી છે. ક્યાંક બૌધ્ધકાળની કથાઓ પણ જોવા મળે છે. ભગવાન વિષ્ણુંનાં અનેક સ્વરૂપો તથા રામ અને કૃષ્ણલીલાઓની સાથે ભગવાન શંકરની અનેક મુદ્રાઓ અહિં દ્રષ્ટિગોચર થાય છે. સમુદ્રમંથનનો પ્રસંગ અહીંની શિલ્પકલામાં વિશેષ સ્થાન ધરાવે છે. અહીં જેટલા વિશાળ મંદિરો છે, એ બધાંમાં પ્રવેશભાગ પર એક તરફ દેવતા અને બીજી તરફ અસૂરો શેષનાગને ખેંચતા હોય એવી શિલ્પકૃતિઓ છે.

ભારતમાં સુવર્ણયુગની જાહોજલાલી બાદના અંધકાર યુગમાં રાજવી ને ધર્મના આપસનાં ઘર્ષણને પરિણામે સુપ્રસિધ્ધ ઇલોરા અજંટાની ગુફાઓ, સાંચીના સ્તુપો અને ખજુરાહોનાં સુપ્રસિધ્ધ મંદિરો પર વનઘટાને જંગલો ફરી વળેલા, તેવી જ રીતે કંબોડિયામાં પણ મહાન ઉલ્કાપાતો મચેલા ને પરિણામે આંકોરવાટ માનવવિહોણું બની જતાં વનઘટા ને ગીચ વૃક્ષ રાજી ત્યા ફરી વળતાં બાદનાં સેંકડો વર્ષો ત્યાં જંગલો ને વનપશુઓનુ પરમધામ બની ગયુ અને માનવ સંસ્કૃતિનાં ઇતિહાસમાં એનુ નામનિશાને નહિ રહ્યું.

કંબોડિયાનાં અંધકાર યુગમાં સેંકડો વર્ષો એ ફ્રાંસને આધીન રહયું. જાહોજલાલી જોડે એની સ્વાધીનતા પણ ગઇ અને ગુલામીની જંજીરોમાં તે જકડાયું. ફ્રાંસને આધીન એનું નવ સર્જન થતું રહયું અને એક સાહસિક સંશોધક વનપ્રદેશમાં પ્રવેશી. જંગલમાં દટાયેલ અંકોરવાટનાં સ્થાપત્યો શોધી કાઢ્યાં. પ્રાચીન મહાન સ્થાપત્યો જોઇને તે આશ્ચર્યમગ્ન બની ગયાં. આ સંશોધનને જગતે આવકાર્યું.

આ મહાન મંદિરોનો પુનરૂધ્ધાર થયો, ને વિશ્વભરનાં યાત્રાળુઓ દર્શનાર્થે જઇ રહયાં. અહીં ભગવાન બુધ્ધની અનેકવિધ મહાન શિલ્પ પ્રતિમાઓ છે, ને યાત્રાળુઓ પુષ્પોથી અર્ઘ્યાંજલી સમર્પે છે. હજારોની સંખ્યાનાં આ યાત્રીઓની સગવડ માટે ત્યાં વિવિધ આરામગ્રહોની યોજના કરવામાં આવી છે.

સેંકડો ને હજારોની સંખ્યાનાં બૌધ્ધ ભિક્ષુકોએ અહીં કાયમી વસવાટ કર્યો છે. બૌધ્ધ ધર્મનું એ મહાન યાત્રાધામ બન્યું છે. એ સંસ્કાર ધામ બન્યું છે. પ્રાચીન સંસ્કૃતિ જીવંત રાખવા ત્યાં મંદિરના ભવ્ય ચોકમાં કમ્બોજ નૃત્યનો કાર્યક્રમ યોજવામાં આવે છે. આ નૃત્યપ્રકાર ભારતનાં ભરતનાટ્યમને ખૂબ મળતો આવે છે. અહીંના લોકો ભારતીય વેશભૂષા પરત્વે ખૂબ આકર્ષિત રહે છે, અને તે કારણે નૃત્યમાં ભાગ લેતાં યુવક-યુવતી ને બાલિકાઓ ભારતીય પોશાકમાં રંગમંચ પર ઉપસ્થિત થાય છે.

કંબોડિયા, લાઓસ, થાઈલેન્ડ આદી દેશોમાં પુરાતન ભારતીય સંસ્કૃતિનાં પૂરેપૂરાં દર્શન થાય છે. મોટે ભાગે પ્રજા બુધ્ધ ધર્મી છે ને ભારતને દેવભૂમિ માને છે. રીત-રિવાજોમાં ભારતીય સંસ્કાર જળવાયાં છે. તેમના લગ્ન પ્રસંગોમાં શેરવાણી, ચૂડીદાર પાયજામો અને પાઘડી રૂપી પહેરવેશનાં દર્શન થાય છે. હાલના પારનગર નોન-પેન્હાનાં રાજમહેલમાં હિન્દુ ધર્મનાં દેવદેવીની છબી શોભે છે. ત્યાંનાં સંગ્રહસ્થાનમાં અંકોરની અનેક મૂર્તિઓ રાખવામાં આવી છે, જેમા ભગવાન વિષ્ણુ, બ્રહ્મા, મહેશ, ગણેશની મૂર્તિઓ ઉપરાંત વાલી- સુગ્રીવનું યુધ્ધ અને કૃષ્ણલીલાના દ્રશ્યો જોવા મળે છે.

જાહોજલાલીનાં જમાનામાં એનું નામ કંબોજ હતું ને સર્વે સત્તાધીશોનાં શુભ નામો હિંદુ સંસ્કૃતિને અનુરૂપ હતાં, પરંતુ સમયાંતરે તે કંબોડિયા નામે ઓળખાયું. એ ખમેર કુળના ક્ષત્રિય રાજવીઓએ ૯ થી ૧૫ સુધીનાં ૬૦૦ વર્ષનાં ગાળામાં દેશને જાહોજલાલીને શીખરે લઇ ગયાં, અને પૂર્વની સંસ્કૃતિનું એ પરમધામ બન્યું અને તેને અનુરૂપ ત્યાં મહાન શિલ્પસ્થાપત્યો સર્જાયાં. તેમાં અંકોરવાટનું ભવ્ય મંદિર જગતનું એક અજાયબી રૂપ મનાયું.

કંબોજની આ જાહોજલાલી પરત્વે દ્વેષભાવથી પ્રેરાઇને પડોશી સિયામ- થાઈલેન્ડે ઇ.સ. ૧૪૩૧માં ભયંકર આક્રમણ દ્વારા એ દેશની સમૃધ્ધિનો સર્વનાશ કર્યો. બાદના ૫૦૦ વર્ષો ત્યાં અંધકાર યુગના પડછાયા ઉતર્યા. પરિણામે અંકોરવાટ માનવ વિહોણું બની ગયું અને ત્યાં વનઘટા પ્રસરી ગઇ ને વનપશુઓનું એ નિવાસસ્થાન બન્યું.

હાલમાં આંતરવિગ્રહને પરિણામે કંબોડિયાની સમૃધ્ધિનો નાશ થયો છે, પરંતુ મહામૂલી સમૃધ્ધિ રૂપ આ ભવ્ય મંદિરનો પુનરૂધ્ધાર થઇ રહયો છે. વિશ્વભરનાં યાત્રાળુઓ અને પ્રવાસીઓ ત્યાં દર્શનાર્થે મોટી સંખ્યામાં જાય છે. હજાર વર્ષો પૂર્વેનાં આ ભવ્ય સ્થાપત્યો ને ભારતીય સંસ્કૃતિની ભવ્ય પ્રતિમાઓના દર્શન કરી આનંદમગ્ન બની આશ્ચર્યોદગાર કાઢે છે.

# તૈયારી

લેખક : ફાધર વાલેસ-ભારત

હમણાં પ્રાર્થનામાં બેસવાનો છું. શી તૈયારી કરૂ ? શ્લોક બોલું, ધર્મપુસ્તક વાંચુ ? જપ કરૂ ?

હમણાં એક મોટા અધિકારીને મળવાનો છું. શી તૈયારી કરૂં ? વિવેકનાં વાક્યો ગોખું, અરજી ગોઠવું, ભાષણ તૈયાર કરું ?

મોટા અધિકારીને મળવાનો છું એટલે એમની સાથે શી વાતો કરવી અને કેવી રીતે રજૂ કરવી એનો વિચાર કરીને જવું ઘટે. એમ કરૂ તો જ એમનું માન સચવાય – અને મારી સભ્યતા સિધ્ધ થાય. તૈયારી કર્યા વગર મોટા માણસને મળવા જવું તો અસભ્ય જ લેખાય. પરંતુ એક વાર એમની આગળ આવ્યા કે હવે એ શું બોલે ને શું કહે એની રાહ આપણે જોવાની છે. એ મોટા અને એ પહેલા. એમને બોલવા દો, એમની પહેલી વાત કરવા દો. પછીજ એમની વાતને અનુકૂળ બનીને આપણે આપણી વાતો કરીશું. આમ મળતાં પહેલાં શું બોલવાના છીએ એની તૈયારી કરવામાં વિવેક છે, અને મળ્યા પછી એમને બોલવા દેવામાં પણ વિવેક છે.

ને હવે હું પ્રાર્થનામાં બેસવાનો છું ને એમાં ભગવાનને મળવાનો છું. શી તૈયારી કરૂં ? એનું માન સાચવવું છે માટે પ્રથમ હું ધર્મશાસ્ત્ર વાંચીશ, શ્લોકો યાદ કરીશ, શુભ વિચારો મનમાં સંઘરી રાખીશ. જપનાં સૂત્રો, ધ્યાનના મુદ્દાઓ, પ્રાર્થનાની કડીઓ. બધું કરીશ ને બધું જોઈશ. પરંતુ ભગવાનની આગળ આવીશ ત્યારે બધું બાજુ પર મૂકીશ, બધું ભૂલી જઈશ. એને બોલવા દો, અથવા તો એને મૌન રહેવા દો. એની ઈચ્છા છે, એનો દરબાર છે. પછી એ બોલશે તે પ્રમાણે હું બોલીશ – કદાચ મારી તૈયાર કરેલી વાતોથી સાવ જુદી વાતો હોય તોય. અને એ મૌન રહેશે તો એની સાથે હું મૌન સેવીશ – કદાચ મારે અનેક વિનંતીઓ કરવી હતી તો પણ.

તો મારો ધર્મપાઠ ક્યાં ગયો ? ધ્યાનના મુદ્દાઓ ક્યાં ગયા ? વિચારેલી અરજીઓ ક્યાં ગઈ ? તૈયારી હતી એ તૈયારી જ રહી. સામેથી પ્રસાદ મળ્યો એ લેવાનો હતો ને ! ભિખારીની પાસે સૂકી ભાખરી હતી, પણ સામેથી મિષ્ટાન્ન મળ્યું ત્યારે એ આનંદથી ખાધું અને ભાખરી બીજા દિવસ માટે સાચવી રાખી.

પ્રાર્થનામાં એમજ છે. તૈયારી જોઈએ – અને તૈયારી જતી કરવા માટે તૈયારી જ જોઈએ. શ્લોકો જોઈએ તે ન બોલવા માટે. માળા જોઈએ તે ન ફેરવવા માટે. ધ્યાનના મુદ્દાઓ જોઈએ તે ન વિચારવા માટે. એ વિરોધાભાસ છે. એ શ્રદ્ધા છે. એ સાધના છે.

પૂરો પ્રયત્ન અને પૂરી શરણાગતિ.
ભાષણની તૈયારી અને મૌનનું સેવન.
આતુર વિનંતી અને મૂક પ્રતીક્ષા.
એમાં સાચી પ્રાર્થના ફળે.





*Diwali Greetings*

FROM

# M. R. TRADING Co.

**(PTY) LTD.**

**WHOLESALE MERCHANTS & DIRECT IMPORTERS**

WE ARE DISTRIBUTORS TO THE TRADE

**NOVELTY LINES, AGARBATTIS, INDIAN & CONTINENTAL JEWELLERY, INDIAN GOODS, WATCHES ETC.**

20 Pine Road, Rylands Athlone 7764 Cables "Rama"

Phone: 67-3672

*Diwali Greetings*



from

G.B Patel & Family & K.P. Patel & Family

# ESQUIRE PRESS (PTY) LTD.

HEIN ROAD, ATHLONE INDUSTRIA TEL: 67-1260

# LORD VISHNU

*Magan A. Lalloo*

Vishnu as the name signifies is said to pervade all space. He is Akasha-Garbha, the Container of Ether. He is the sun at noon supporting the heavens (Vishnu — Surya), or the sun at midnight under the earth reposing on the coils of the serpent of eternity (Ananta or Shesha), the Milky Way. In this aspect he is known as Vishnu-Narayan. His colour is the deep transparent blue of the Himalayan sky after the monsoon rains, and his flower is the blue lotus. His shrine should face the east, so that Lakshmi, His Shakti, the bringer of prosperity and wealth, the bright goddess of the day may enter as she rises from the cosmic ocean every morning to greet her spouse. He rides on the Garuda, the Himalayan eagle.

In His universal form as the all-pervading, everlasting cause He is described in the Bhagvad-Gita as too terrific for ordinary mortal vision. But as the supporter of the heavens, and as the midnight sun slumbering under the Cosmic Ocean, He is represented as the Aryan warrior king, armed with the terrific weapon, the Chakra or discus, which is the mind, the Wheel of Life which evolved from the Swastika, symbolising the revolution of the earth and not the sun itself.

The spiritual significance of the various attributes displayed by Vishnu are the Kaustubha gem which He wears in his necklace and which is the pure soul of the world, undefiled and void of qualities. Also are five precious gems — pearl, ruby, emerald, sapphire and a diamond, which represent the five elemental rudiments. The bow Gandiva symbolises the principle of consciousness and the spiral conch shell (Sankh), the sound of which reverberates the whole universe. The bright sword, wielded by the right arm, is holy wisdom, concealed at times in the scabbard of ignorance. He also wields the mace, which is the power of the intellect.

Vishnu to the Vaishnavaites is Brahma, Vishnu and Shiva. In the same way Shiva to the Shaivaites, represents the Trimurti. This interchange of symbols between different sects often makes Indian religious ideas tangled and confused to Europeans. It should always be remembered not only that anyone of the Trimurti may stand for all three, but that any Hindu deity may be regarded as a symbol or manifestation of all the powers of the one God.

Vishnu in His universal character has ten Avataras or incarnations in which he manifested himsef to the world.

In the first, the Matsya, or fish-incarnation He is said to have saved Manu, one of the progenitors of the human race from a great flood.

In the second the Kurma, or tortoise-incarnation, he assisted in the churning of the Ocean.

The next was the Varaha, or boar-incarnation, in which Vishnu raised the earth from beneath the waters of chaos, or according to the Purana legend, rescued it from a demon who dragged it beneath the sea.

The fourth was Narasinha, or man-lion incarnation, the form in which he is said to have appeared to destroy the wicked Hiranya-Kansapu, king of the Asuras.

According to the Vishnu Puranas Hiranya-Kansapu was the door-keeper of Vishnu's paradise and had obtained from Bramha by severe penance the boon that he should not be slain by any created being. Inflated with pride, he then attempted to usurp the sovereignty of Vishnu and ordered his son Prahlada to offer him worship instead of to the God. Prahlada refused and braved all the wrath of his infuriated father. When Hiranya struck him his only thought was on Vishnu, and the blows fell harmlessly. He was cast into the fire but was not burnt. With thoughts still fixed on the Preserver, he remained uninjured when an elephant tried to trample him to death and when thrown fettered into the sea, a fish, at Vishnu's command, carried him safely ashore.

At last, as Prahlada continued praying to Vishnu and proclaiming that He was everywhere and in everything, Hiranya tauntingly asked "If that is so, why dost thou not show him to me?" Upon this,

Diwali Greetings
to all Hindu Brothers
and Sisters



dharmic samelan
(CAPE TOWN)
SECRETARY: 35 PARK ROAD, WYNBERG 7800 TELEPHONE: 77-2321

Greetings and Best Wishes to all our Hindu friends
on the occassion of Diwali

PARKER'S SOUND
SOUND SPECIALISTS
TEL: 67-2090

Prahlada arose and struck a column of the hall in which they stood, and behold, Vishnu issued forth in a form which was half man and half lion and tore the impious Asura king to pieces.

The fifth incarnation, known as Vamana, or dwarf, refers to the three "strides" of Vishnu or the three positions of the sun at rising, at noon, and at setting. According to the Vishnu Purana it is stated that He assumed the form of a dwarf to recover the dominion of the earth from the demon-king Bali.

The four last historical or quasi-historical Avataras are those of Parasu-Rama, or Rama with the axe — a Brahman who overthrew the Kshatriyas and established Brahman supremacy in North India. Ramachandra, the hero of the Ramayana; Krishna, the hero of the Mahabharata, the inspired teacher of the Bhagvad Gita; and Gautama Buddha, the founder of Buddhism.

The tenth and last Avatar is that of the Hindu Messiah, Kalki, who at the end of the present dark age, the Kaliyuga is to appear riding a white horse, with a flaming sword in hand, to restore righteousness and to rule the earth.

**FOOTNOTE:**
Unlike Christianity which accepts only one unique Divine incarnation in Jesus Christ, Hindus accept many incarnations of God. In the Bhagvad-Gita the Lord says: "Whenever there is decline of Dharma, then I body myself forth for the protection of the good, for the destruction of the wicked and for the establishment of Dharma.

While some Hindus take the doctrine literally and accept figures like Rama, Krishna and Buddha as actual incarnations, others prefer to treat it as a useful myth.



*Diwali Greetings*



*Mr & Mrs S. Ramjee & Family*

*of*

**PROGRESS RADIO & T.V.**

53 Main Road, Claremont 7700 Tel: 64-2080

*We wish all Friends & Customers A Happy Deepawali and a Prosperous New Year*



FOR ALL YOUR

**TRAVEL REQUIREMENTS**

CONTACT

*for*

**AIR - SEA - & RAIL BOOKINGS**

CONSULT

# PARKERS

## TRAVEL AGENCIES

**(PTY.) LTD.**

**30 ALBERT ROAD — WOODSTOCK, CAPE**

Phones: 55-8348/9 Telex 57-6526 SA

Telegrams: "PARKTRAVEL" P.O. Box 4368, C.T.

**Contact LALLA GOVAN PATEL**

(Public Relation Officer)

**TELEPHONE 77-3909 After Hours**

# Four Seasons Travel Agency (Pty.) Ltd.

International Travel Agents

**AIR — SEA — RAIL**

**HEIN ROAD — ATHLONE CAPE**

P.O. Box 1, Athlone, Cape

Phones: 67-7190 67-7240, A/Hours: 43-6472

# ધર્મનું સાચું સ્વરૂપ

લેખક : રામચંદ્ર કોવિદ - કેઈપટાઉન

જગતના મુખ્ય મુખ્ય ધર્મોના પાયાના સિદ્ધાંતોમાં સમાનતા છે, જુદાપણુ એના બાહ્ય સ્વરૂપ માં જ છે. "સત્ય બોલો" એ ધર્મનું એક અંગ છે. ક્યો ધર્મ "અસત્ય બોલો" એવું સૂચવે છે ? ખ્રિસ્તી ધર્મ, ઈસ્લામ અને હિન્દુ ધર્મના મૂળમાં ઊંડા ઉતરીશું તો સહુજે બધાજ ધર્મોની સમાનતાનું ભાન થશે.

ચોટલી રાખો કે દાઢી વધારો, તિલક કરો કે માળા જપો, માંદળિયાં બાંધો કે બાધા રાખો, તીર્થયાત્રા કરો કે નદી સ્નાન કરો એનાથી ધર્મ સચવાતો નથી. મન અને બુદ્ધિ પવિત્ર થાય, આત્મચિંતન તરફ વૃત્તિ થાય તો ધર્મ બજાવ્યો કહેવાય.

હિન્દુઓ યમ અને નિયમના દશ લક્ષણોને ધર્મ માને છે તેજ પ્રમાણે બીજા ધર્માનુયાયીઓમાં પણ એવાજ ધર્મના લક્ષણો ગણાવ્યા છે. જગતના માનવીઓએ ફૂળના ગર્ભને છોડી ફૂળના છોટલાંનેજ વધારે મહત્વ આપ્યું છે. ફૂળના ગર્ભમાં સમાનતા દેખાશે જ્યારે બહારના છોડાંના રૂપ, રંગ અને આકારમાં ભિન્નતા દેખાશે. છોડાંને વળગી રહેવામાં કશો સાર નથી, એટલુંજ નહિ-છોડાંને જ ધર્મ માની લેવાથી પારાવાર નુકસાન થયું છે.

શૈવમાર્ગી કોઈ વૈષ્ણવની નિંદા કરે એમાં નવાઈ નથી કારણ કે બન્નેએ ધર્મનું બાહ્ય સ્વરૂપ જ અપનાવ્યું છે. દક્ષિણ આફ્રિકાના ભારતીઓએ જેણે જીંદગીભર દગાબાજી, લુચ્ચાઈ અને જૂઠાણાથી વણહક્કનો લખલૂટ પૈસો ભેગો કર્યો હોય એ ચાળીસ વર્ષે હિંદમાં આવી પોતાના કુટુંબીઓ આગળ બડાઈ મારે કે પરદેશમાં મેં કોઈ વખત શનિવારના ઉપવાસ તોડયા નથી તો શું તેણે ધર્મ સાચવ્યો કહેવાય ?

ધર્મના બે સ્વરૂપો ગણાવી શકાય. આકાર, પ્રકાર, બનાવટ, સજાવટ, ટીલાં ટપકાં એ સ્થૂળસ્વરૂપ અને જગતને જાણવું, પોતાને જાણવું ત્યા ઈશ્વરને જાણવું એ શુક્ષ્મ-સ્વરૂપ. મહાભારત ની લડાઈ પછી પાંડવો હિમાલયની મુસાફરીમાં એક પછી એક ગબડયા. કૂતરા સાથે ચાલતા ધર્મરાજા યુધિષ્ઠિરને સદેહે સ્વર્ગમાં આવવા ઈન્દ્રે આમંત્રણ આપ્યું, ત્યારે યુધિષ્ઠિરે કહ્યું, "આ કૂતરા એ મારો સાથ છોડયો નથી, એને છોડીને સ્વર્ગમાં આવવું એ મારો ધર્મ નથી." સ્વર્ગના વૈભવ કરતાં ધર્મરાજાએ ધર્મને જ શ્રેષ્ઠ ગણ્યો.

માનવીની છેલ્લી મુસાફરીમાં સ્થૂળ-શરીર બળીને ભસ્મ થઈ જાય છે પણ ધર્મ જ એક એવો સાચો મિત્ર છે જે મરણ પછી પણ આત્મા સાથે સંકળાયેલો રહે છે. આપણા ઋષિમુનિઓ એ અમ્રત જેવો ધર્મ-રસ સુંદર વાસણમાં આપ્યો. વખત જતાં વાસણમાં કાણા પડયા. બધો રસ વહી ગયો અને આપણે વાસણ ને જ ધર્મ માની બેઠા છીએ. ધર્મના સાચા સ્વરૂપને ઓળખીશું તો જ જીવનનો ઉદ્ધાર છે.



*Diwali Greetings*



FROM MR. & MRS. R. RANCHOD AND MOTHER
**GRASSY PARK PHARMACY, BUSY CORNER CENTRE**
**VICTORIA ROAD, GRASSY PARK 7800 PHONE 72-8346**

*Diwali Greetings*



**HIRABHAI MAKAN PATEL & FAMILY**
44 YUSUF GOOL BOULEVARD, GATESVILLE 7764

*Best Wishes to all Friends and Business Associates*



**Acme**

**CLEANERS + LAUNDERERS**

**HEIN ROAD, ATHLONE INDUSTRIA**

**THAKOR G. BHIKA & FAMILY**
**NAGIN G. BHIKA & FAMILY**

Phone: 67-1376/7 67-3384 (Res.)

# REALITY

*Magan A. Lalloo*

Man lives on two planes: internal and external. His body is of flesh and in it resides the spirit. Man has added value to material existence through scientific means, in the form of comfort and luxuries to his senses. But being baffled by the inability to find the lasting peace he craves for, man has tried to turn to the very Source of it, turned to the Inner Self, the Spirit, and as a result of which he has great hope of building up the Temple of God in this very mortal frame. So, to attain a higher level of growth, a harmonious development of the inner and outer existance is imperative. Neglect of the one is done at the cost of the other. Too much stress on the inner aspect leads to indifference towards the external development, while excessive attention to the external development leads to internal bankruptcy. The proper adjustment of the two in such a way that the one will be an aid to supplement the other in the total growth is what modern man most needs.

It is seen that external development does not go hand-in-hand with the unfoldment of latent potentialities of the Inner Self of man, and this has led to the tragedy of modern times. There is a subtle link between the external and the internal. The external is the real gate through which one must enter, and as one enters through it to the innermost apartments, one finds that the external is of less and less value. The difference between these two becomes clear only when one has entered into the inner region. The external region of Nature, due to its inherent capability to act as a bar to mans' inward march, compels man to get busy with it and thus to forget that there is something called the internal region of spirit. But a stage comes when he cannot rest contented and the question arises in him; what next? Intellect then becomes his guide and like a faint torch shows him the way through indistinctly. Man gets to know the far-off glimmer of the Supreme Flame as he proceeds in search of Reality.

In the process of his awakening, man finds that the material world supplies him with the favourable circumstances on which he depends initially: and as he makes progress he sees that unless he has fully utilized the material necessities to his highest advantage and value, he cannot go beyond the "snare" of Maya, for even a little attachment will keep him in bondage. He will have to free himself from such attachment not by forced abstinence or avoidance amounting to escapism, but by way of gradual growth and natural development. The thirst for a higher purpose, in response to the Higher Beauty of the internal existence, cannot make itself felt until and unless man outgrows his lower necessities and knows the worth of the eternal virtues. The ephemeral value of the external world is revealed to the determinant aspect of individual growth which seeks a higher significance of existence in the inner region, undergoing a thorough intellectual transformation.

The mind grows on this line of detachment on a prolonged process of evaluation, gaining knowledge and advantage through direct dependence on environments. This turning of the mind to the internal, though normally inclined to the external is possible only when the vista of the Greater Beauty comes within mortal ken. Man cannot incline to finer sublimity unless he finds ultimate significance of it on some higher level in comparison with immediate sense — satisfaction.

Man is ever on the move, to act, strive and re-adjust on a higher plane. He himself can become his friend or enemy as he keeps himself responsive to the beauty around. When somebody is heard to speak of the tidings of the inner region, it is to understand that he has much advanced in this 'inwardization', after plucking the flower through his different existences and varied experiences. He has not jumped over 'matter' to spirit, but has known that the unfoldment of his self reveals that he is himself the spirit, the Inner Spirit.

ૐ

ઈસ લંડન-
તા- ૨૨-૮-૯૦.

મે. મંતરીજી,
પરકાશન સમીતી,
કેપ હીં. ક. સોસાયટી,
૩૬ ગેરસ્ટીલ, ૭૭૬૪.

સનેહી ભાઈ,

સાદર વંદન- આપનો તા. ૧૨-૮-૯૦ નો કાગળ મળીયો. એ માટે આભારી છુ.

દીવાલીના અંકો દર વરસે પરગટ કરતા રહી આ દેશની ગુજરાતી જનતાની અનુપમ સેવા આપ લોકો બજાવતા આવીયા છો. આપ લોકોને ધનયવાદ સહ અભીનંદન હો.

સુચના અનુસાર આ સાથે એક નાની વાત લખી મોકલી છે. આપને મદદરુપ બનવાના આશયથી સીધા જ છાપી શકાય એવા અક્ષર અને કોલમમા લખી છે. આશા છે કે આપની સમીતીને એ ગમશે.

આ દેશમા ગુજરાતીનુ ભણતર અને ઉપયોગ ઘટતો જાય છે. એથી સામાનીય ગુજરાતી મુશકેલ બનતુ જાય છે. આ સંજોગોમા "સરલ ગુજરાતી" દવારા આપણે યુવાન વરગને ગુજરાતી વાચતા કરીએ છીએ. સરલ ગુજરાતીમા જોડેલા અક્ષરો આવતા નથી અને થોડા વયાકરણના નીયમો છોડી દેવામા આવે છે.

અનય કામ કાજ ફરમાવશો.

લી. આપનો,

રામભાઈ

રામલાલ લલ્લુ હુરિ (ઈસ્ટ લંડન) ના વંદન.

*** નીચેના લેખ સબંધે તંત્રીનું મંતવ્ય**

આ સાથે અમને મળેલો આ "સરળ ભાષા નો" લેખ રજુ કર્યો છે જે લેખકના પોતાના અક્ષરોમાં છાપ્યો છે. વાંચ્યા પછી વાંચક પોતે વિચારી શકશે કે આ રીતે ભાષા સરળ બનતી નથી પરંતુ ભાષાની ખીચડી બની જાય છે. તો આ પ્રમાણે આપણા યુવાન વર્ગમાં ભાષાનું જ્ઞાન શું આપી શકશે? દા.ત. લેખમાં 'જગલ' શબ્દ વાપર્યો છે જેમાં 'જ' ઉપર માથે મીંડુ કાઢી નાખવામાં આવ્યું છે તો આમ કરવાથી શબ્દ સરળ નથી બનતો પરંતુ એનો અર્થ ગુમાવે છે. બીજુ, જોડાક્ષરો બીલકુલ વાપર્યા નથી અને વ્યાકરણ ના નિયમો પણ ધ્યાનમાં રાખ્યા નથી તો પછી ભાષા ઉપર કાબુ શી રીતે રાખી શકાય?

અમારા મત પ્રમાણે ભાષા સરળ અને સૌને સમજાય એવી લખવી હોય તો અલંકારીક ભાષા ન વાપરતાં સૌને સમજ પડે એવાં સરળ શબ્દોનો ઉપયોગ કરવો યોગ્ય છે.

**સરલ ગુજરાતી. એટલે જોડણી વગરનુ.**
**બધાથી વંચાય એવું.**

# વીશવાસ.

\- રામભાઈ.

એક ભરવાડ હતો. થોડી ગાયો. થોડા બકરા ને ઘેટા. જગલમા ચરાવે. દુધ વેચે. વાછરડા વેચે. સારી રીતે એના જીવનનો નીરવાહ ચલાવે.

એનુ દુધ ચોખુ. ભેળસેળ વગરનુ. એક વેપારીને ગાયો દોહી દુધ વેચી આવે. આનંદથી જીવન ચાલે.

એને એક નીયમ. એની પાસે એક સરસ ગાય. મંગળા તેનુ નામ. એ ગાયના ઉપર બધાને અપાર હેત. જાણે ઘરનુ જ માણસ હોય એવુ. ભરવાડ મંગળાનુ દુધ દોહી તેમાથી બે ભાગ કરે. એક ભાગ ભગવાનના માટે અને બીજો ભાગ ઘરના છોકરાઓ માટે. આ હંમેશાનો નીયમ. ભગવાનના ભાગનુ દુધ એક વાસણમા મુકી એને એક મોટા પથર ઉપર મુકી રાખે. સવારના તે વાસણ ખાલી. ભગવાન પી જાય.

એક દીવસ પેલો વેપારી કાઈક કામ માટે તેને ઘેર આવીયો. ભરવાડ ગાય દોહતો હતો. મંગળાનુ દુધ કાઢી ભગવાનનો ભાગ છુટો પાડી, વાસણ મોટા પથર પર મુકી દીધુ.

વેપારીએ આ બધુ જોયુ. તેને કુતુહલ થયુ. તેણે ભરવાડને પુછીયુ આ બધુ શુ? ભરવાડે કહીયુ એ ભગવાનનુ દુધ. ભગવાન રાતે આવી પી જાય છે.

વેપારી કહે એ તારો ભરમ છે. ભગવાન દુધ પીતો નથી. એ દુધ મને વેચ. હુ વધારે ભાવ આપીશ. ના મારાથી એ ન બને. મંગળાનુ દુધ હુ ન વેચુ.

ભરવાડના મનમા વહેમ પેસી ગયો. ભગવાન દુધ ન પીતો હોય તો? રાતે એ ઝાડ પાછળ સંતાઈ રહીયો. મોડી રાત સુધી દુધનુ વાસણ એ પથર પર રહીયુ. આખરે એક શીયાળ આવીયુ. આમ તેમ જોયુ. મોટા પથર પર ચઢી દુધ પીવા લાગીયુ. થોડી વારમા દુધ ખલાસ ને શીયાળ ગુમ. ને ભરવાડની આસથા પણ ગુમ. દુધ ભગવાન પીતો નથી. ભગવાનની જે પુજા આવડતી હતી તે નકામી લાગી. ભરવાડ ઉદાસ થયો.

બીજે દીવસે વેપારીને કહે: મંગળાનુ દુધ પણ તમને વેચીશ.

પણ સાજે મંગળાને દોહતા બીલકલ દુધ ન આવે. ગાયના આચળ સાવ સુકા ને ખાલી. વાછરડુ પણ ભુખુ. ડોલ તો સાવ ખાલી. તે દીવસે એના બાળકો પણ દુધ વગર રહીયા.

ભરવાડની આખ ખુલી. ઘણો પસતાવો થયો. રાતે એ મોટા પથ્થર પાસે જ છે. જગલમાથી ઘરડુ શીયાળ આવે છે. આમ તેમ જુએ છે. વાસણ નથી એટલે નીરાશ થઈ પાછુ ફરે છે.

ભરવાડના આખમા આસુ આવે છે: હે ભગવાન! તુ ખરેખર મારુ દુધ પીતો હતો. ઘરડા શીયાળના રુપે આવીને મારુ દુધ પીતો હતો. મારી પુજા સવીકારતો હતો. ઘરડા શીયાળમા તુ છે, દુધમા તુ છે, મંગળામા તુ છે ને મારા દીલમા પણ તુ જ છે. મને માફ કર. હુ ફરી આવી ભુલ નહી કરુ.

બીજે દીવસે ભરવાડે વેપારીને કહી દીધુ કે મંગળાનુ દુધ વેચવાનુ નથી.

મંગળાએ ફરી દુધ આપ્યુ. ભરવાડની પુજા ફરી શરુ થઈ.

આ શુ ભરવાડની વાત છે કે આપણી વાત છે? વીચારવાની વાત તો છે જ.


Diwali Greetings to the Hindu Community
from
**B. KAGANSON & SONS**
**(PTY.) LTD.**

253 Albert Road Woodstock
**(FOOTWEAR WHOLESALERS)**



A Happy Diwali

**RAMESH K. MORAR**
20 GARDENIA STREET, FLORIAN PARK
WORCESTER 6850



# દિપોત્સવી

લેખક : નરહરિભાઈ ભક્ત - સંત પુનિત આશ્રમ, ભારત

દરેક વ્યકિતને પ્રકાશ પ્રિય છે. અંધકાર એને ગમતો નથી. દીપકની હારમાળ પ્રગટાવીને તેની અભિવ્યકિત માત્ર ભારત માં જ નહિ પરંતુ વિશ્વમાં થાય છે. પ્રકાશનું સ્થાન નીરાલુ છે.

માણસ બુધ્ધિથી કમાણી કરે શકે, પણ જીવે છે તો હૃદયથી. હૃદય વિનાનું જીવન બોજો છે.

પાણી ઊંચે ચઢાવવા પંપની જરૂર પડે છે તેમ જીવન ઉર્ધ્વ-ગામી બનાવવા પ્રેરણાની પ્રબળ આવશ્યકતા હોય છે. જેમનું જીવન બીજાને માટે પ્રેરણા આપનારૂ છે તે ધન્ય છે.

અમાસની ઘોર અંધકાર રાત્રીમાં પણ ટીમટીમતો દીપક પોતાની જાતને સળગતો રાખીને પણ ભૂલ્યા ભટકયાને માર્ગ બતાવતો રહે છે.

જે સમાજમાં આવા પોતાની જાતને હોમી દેનારાં વ્યકિત-ઓ નથી જનમ્યાં તે સમાજ અધમ થઇ જાય છે. એટલું જ નહિ, પરંતુ તે સમાજ વિશ્વનું ભૂષણ નહિ પણ દુષણ બને છે.

આપણા સદ્‌ભાગ્યે આપણા સમાજમાં પ્રકાશ પાથરનાર વ્યકિતઓ બેચાર નહિ પણ ગણી ન શકાય તેટલા થયા છે. દીપ + આવલી = લાંબી હારમાળના પ્રત્યેક દીપકો— શ્રી રામ, શ્રી કૃષ્ણ, બુધ્ધ, ઈશુ, જરથોષ્ટ્ર, મીરાં, કબીર, શિવાજી, પ્રતાપ, રામકૃષ્ણ પરમ હંસ, વિવેકાનંદ, અને ગાંધીજી જેવી અસંખ્ય વિભુતીનાં દર્શન કરી શકીએ છીએ. શું આપણે તેમાનાં એકાદ દીપકની પ્રભાનું પણ અનુસરણ કરી શકીએ નહિ.

ગંગાનાં બધાં નીર તો પી ના શકાય તો કંઇ નહિ પણ એકાદ અંજલી પણ આચમન તો જરૂર કરી શકાય. આપણે રામકૃષ્ણ કે ગાંધીજી ના થઇ શકીએ તો કઇ નહિ પરંતુ તેમના એકાદ આદર્શની અંજલી પણ ના લઇ શકીએ?

ઉત્સવોનો અર્થ આ જ છે. જેનાથી ઉન્નતિ કરવાની પ્રેરણા આવે છે. જે સમાજમાં રહીને ઉજવી શકાય છે.

આપણે પણ કોઇના માટે એકાદ નાનકડો દીપક બની કોઇનો રાહ અજવાળો કરી સાચી દીપાવલી ઉજવીએ.




**Diwali Greetings**

from

**SURWELL PHARMACY**

**Athlone Phone: 67-2013**

**Mr. & Mrs. MITHAL PARSOTAM**

**Mr. & Mrs. HIMAT PARSOTAM**

**and FAMILY**

NORTH ELEVATION



HALL

TEM

SOUTH ELEVATION



SCHOOL

# ARCHITECT'S IMPRESSION OF OU



E

SCHOOL



HALL

# PROPOSED CULTURAL CENTRE



EAST ELEVATION



WEST ELEVATION





## Wishing you all a Happy Deepavali and a Prosperous New Year

**FROM MR. & MRS. S. J. PATEL AND FAMILY**

*Almighty God has given us golden opportunity to fulfill the spiritual and cultural needs of our people.
May each and everyone of us become participants in fulfilling our much desired needs, is the prayer of our hearts.*

# S. J. P. INVESTMENTS (PTY.) LTD.

**Developer of Townships and Builder of Elegant Homes**

PHONE 67-9027/8

and

DATSUN NISSAN

# ROMILLA DATSUN

DATSUN NISSAN

**(PTY.) LTD.**

*CAR AND TRUCKS*

*AGENTS FOR DATSUN-NISSAN*

PHONE 67-9130/31

## *Contact us for all your transport needs*

**P.O. BOX 3, GATESVILLE 7764.**

*Wish all a Happy Diwali and A Properous New Year*



# KISMET CINEMA

**PHONE: 67-4007/65-1633**

**AND**

# CINE 400

**PHONE: 67-5391/67-9027**



*is not only a cinema — it's a way of life*

WE INVITE YOU TO COME AND RELAX IN THE COMFORT AND LUXURY OF OUR CINEMA

*FULLY AIR-CONDITIONED* ★ *TOP CLASS ENTERTAINMENT*

# GALAXY DISCO RESTAURANT

**FOR THOSE WHO ARE YOUNG AT HEART, LIFE IS FOR LIVING — ENJOY YOURSELF, IT'S LATER THAN YOU THINK.**

**TEL.: 67-9132/3**

From KANTILAL AND MOHAN S. PATEL

# ???? ઉખાણા ????

<u>સંગ્રાહક</u>
શ્રીમતી પદમાબહેન છોટુભાઈ પટેલ
સાઈમન્સટાઉન

(જવાબો છેવટે આપ્યાં છે)

(૧) નવ ગ્રહમાં જે મુખ્ય છે
તેનો ઉદય હોય
તેના નામે નામ છે
તે મુજ સાથે જાય

(૨) કટકટ કરતું કણસલું
નાના મોટા બે પગ
મોટો ચાલે બાર ગાઉ ને
નાનો ચાલે ડગ ડગ

(૩) પગ નહિ પણ ચાલે ઘણું
મોઢું નહિ પણ બોલે ઝીણું
અઢી તસુની ચીજને
નર નારી ચાહે ઘણું

(૪) ત્રણ અક્ષરનું મારૂં નામ
તરકારીમાં મારૂં કામ
ગોળ ગોળ મારો આકાર
ખાય સર્વે વારંવાર

(૫) ચતુરા ચંચળ ચાલતી,
થાકી ગઈ કો દિશ,
પાછી લાગી તે દોડવા
જ્યારે છેદ્યું શિશ

(૬) દિવસ ઉગે ને પોતાનું
વસ્ત્ર એકક ઉતારે
જુએ તો વસ્ત્ર મળે નહિ
પાસે વર્ષ આખરે

(૭) જેનુ મૂળ છેડો નહિ
તેના વચમાં વસે જેહ
પણ શોભા દે છે સર્વને
સાચવજો એ એહ

(૮) વફાદાર એક દોસ્ત છે
હિંદબાળનો આજ
દેહ છૂંદાવે નીજનો
પર ઉજ્જવળતાને કાજ

(૯) ગોળ કૂંડળી ફરતી જાય
જીભ નથી પણ ગીતો ગાતી જાય

<u>જવાબો</u> :- (૧) ચાંદલો (૨) ઘડિયાળ (૩) રૂપિયો (૪) બટાકા (૫) પેન્સલ
(૬) કેલેન્ડર (૭) નાક (૮) દાંતણ (૯) રેકોર્ડ


*Best wishes to all friends and customers*

*from*

*Barry Cockroft*

*of*

**ATKINSON'S TOYOTA**
KENILWORTH CENTRE

Tel: 61-5160 Res: 75-2527

**DIWALI Greetings**

*from*

*Mr & Mrs B. Magan & Family*

18 YORK ROAD, WYNBERG 7800
TELEPHONE: 71-3098

*"LET NOBLE THOUGHTS COME FROM ALL SIDES"*

# ગુજરાતી ભાષાની અંતીમ ઘડી

ઉમિયાશંકર જોખાકર - લેનેશિયા . 'દીપક'

ગૌરવવંતા ગુજરાતીઓએ, જતન કર્યું તુજ પ્રેમથી,
નવી પેઢી અટવાઈ ગઈ, રાજભાષાના સહવાસથી. -

તારી વાણી થોડા સમજે, લિપિ સાવ ભૂલાઈ ગઈ,
અંગ્રેજી વચ્ચે આવી જતાં, યુવાનોના જીભે ચઢી ગઈ. -

માતૃભાષા કોને કહેવી, વિવાદમાં તું વિસરાઈ ગઈ,
વિદેશમાં તું બની સાવકી, ઘરઘરમાં તું ભૂલાઈ ગઈ. -

સંસ્થાઓનાં બની સુકાની, અગમચેતી ભૂલી ગયા,
કરવા ખાતર કરી રહ્યાં સૌ અવસર અમોલો ચૂકી ગયા. -

શાળાઓમાં તું નામની, ગાંડી - ઘેલી ઓળખાય છે,
વાચન - લેખન - વ્યવહારમાં, તુજ સામે ના જોવાય છે. -

મૃત્યુમાંથી કોણ ઉગારે ! આયુષ્ય તારું પૂરું થયું,
અશ્રુભીની આંખે ઉચરીએ, સ્વપ્નું સૌનું અધૂરું રહ્યું. -

આશા નથી તુજ જીવનની, આત્મા સ્વર્ગે સીધાવશે,
અમે જતાં તું જવાની, નવી પેઢી તને દફનાવશે. -

તારા વિનાના ધર્મ - સંસ્કાર, નવા સ્વરૂપે નજરે ચઢશે,
ગદગદ કંઠે 'દીપક' વદતો, પુનર્જન્મમાં આવી મળશે. -

# સંસારનો સંબંધ

ઉમિયાશંકર જોખાકર - લેનેશિયા (જોબર્ગ) 'દીપક'

જીવનની શરૂઆત હતી,
મેં માતા સાથે પ્યાર કર્યો,
હું એની સામે જોતો 'તો
એ મારી સામે જોતી 'તી,
હું કંઈ ના બોલી શકતો 'તો,
એ મુજને કૈં કૈં કહેતી 'તી,
એ સ્વાર્થ વિનાની પ્રીત હતી,
એ વાણી વિનાનો પ્યાર હતો
એ રાગ વગરના ગીત હતા,
એ બાળપણનો સંસાર હતો,
એ માતા પણ છીનવાઈ ગઈ,
એ મોંઘી દોલત પણ લૂંટાઈ ગઈ.

પછી મિત્રો સાથે પ્યાર કર્યો,
ખેલ - કૂદનો મેં આદર્શ ધર્યો,
મારી સાથે સૌ એ રમતા 'તા,
પરસ્પર દિલની વાતો કરતા 'તા,
અમે કદી નહિ ગભરાતા 'તા,
તોફાન મસ્તીથી ન શરમાતા 'તા,
સૌએ સાથે મળી શાળા જતા 'તા,
દુનિયા આખીનું ભણતર ભણતા 'તા,
એ મિત્રો પણ વિખરાઈ ગયા,
એ આનંદો પણ ભૂલાઈ ગયા.

(ચાલુ)

પછી પત્ની સાથે પ્યાર કર્યો,
જીવન સુખનો મનમાં ઉમંગ ધર્યો,
એના યૌવન સાથે પ્રીત કરી,
મીઠી વાતો ઉપર મીટ ધરી,
સુંદર નયનો સાથે પ્યાર કર્યો,
હસતાં મુખડા ઉપર પ્યાર કર્યો,
એ જીવન સંકેલાઈ ગયું,
એ ઝરણું પણ સૂકાઈ ગયું,
પળવારમાં ઘડપણ આવી ગયું,
તાલી દઈને યૌવન ચાલી ગયું.

હવે બાકી એક જ પ્રીત રહી,
મૃત્યુ સાથે સ્નેહની ગાંઠ ધરી,
એમાં નિષ્ફળતાને સ્થાન નથી,
એમાં જુદાઈને અવકાશ નથી,
એક વાર મિલન જો થઈ જાયે,
તો ચિર શાંતિનો અનુભવ થાયે,
એ પ્રીતિ સૌને ડોલાવે છે,
બહુ પ્રેમ કરી ત્યાં બોલાવે છે,
એ પ્રીત જગ વિસરાવે છે,
'દીપક' જ્યોતિ બનીને આવે છે.

## કુટુંબ

બાપની આંખમાં ન સમાય તે દીકરો નહિ!

વડીલની આંખમાં ન સમાય તે અનુજ નહિ.

પતિની આંખમાં ન સમાય તે પત્ની નહિ.

ગુરુની આંખમાં ન સમાય તે શિષ્ય નહિ.

પ્રજાની આંખમાં ન સમાય તે નેતા નહિ.





# લોટો

લેખક : રમણલાલ નરસિંહભાઈ મોરારજી - કેપટાઉન

"લોટો પરમાત્મા છે" એવું પુરાણા તામીલ ભજન માં ગવાયું છે. લોટો કહો, ક્યાં તો કુંભ, ગાગર, મટકો, કૂજો - જે કહો તે. લોટાનું સ્થાન આપણા ભારતમાં ઘણાંજ ઊંચાં પ્રમાણમાં મૂકવામાં આવ્યું છે. લોટા નો આકાર જાણવા માટે આપણે જરા વિચારીએ તેમજ હાલચાલ તરફ કાંઈક ધ્યાન દોરીએ.

લોટો વધુ પ્રમાણમાં આપણી સાથે જ હોય છે, રસોઈ કરતાં, સ્નાન કરવા, પાણી પીવા, તેમજ પ્રભુ પ્રાર્થના સમયે, અને જુગારીઓ પણ જુગાર રમતા પાણીનો લોટો પાસે રાખે છે. હીન્દીઓના જન્મ, લગ્ન અને મરણ સમયે પણ ક્રિયા માટે વારંવાર લોટાની જરૂર પડે છે.

લોટાના આકાર પાછળ લાંબો જુનો ઈતિહાસ છે. માટીના વાસણો, કોતરવાની કલામાં તેમજ ચિત્રકામમાં ઘણા આકારો, તાંબા, પિત્તળ તેમજ માટી માં હોય છે. નદીના ઘાટ પર ગામની મહિલાઓ માથે ચળકતા બેડાં લઈ પાણી ભરતી જોવા મળે છે. સવારના કોમળ સૂર્યના કિરણો કંસારા ના ઓટલા પર પડતા, ભાતભાત ના તાંબા, પિત્તળ ના લોટા, બેડાં વિગેરે, સોના ચાંદી જેવા રળિયામણા લાગે છે. નૃત્ય અને સંગીત કરવા પણ પાણીના લોટા કૂંડી વિગેરે ભરી તાલ માટે જલ તરંગ ના સૂર મેળવે છે.

ભૂલી ન જતા, કે કોઈ પણ ધાર્મિક ઉત્સવમાં પણ ચૂનો અને ફૂલોથી શણગારીને ઘડા અને લોટા શોભા આપે છે. લોટાનું સ્થાન આપણા ભારત વાસીઓ સાથે અમર રહેશે.




*Diwali Greetings*



**NATVERLAL & MANJULA N. PATEL**
**CHOTUBHAI & PADMA N. PATEL**
**& FAMILIES**

132 St George's Street
Simonstown

Phone
86-1388



*Wish all a Happy Diwali and Prosperous New Year*

# ENOS BANDERKER

of

# MILLER WEEDON TRAVEL

**SUITE 27A KENILWORTH CENTRE,**
**EAST GATE, KENILWORTH 7700**

**PHONE 61-1065/6/7**
**AFTER HOURS 71-6750**

*Best Wishes* FROM YUSUF BANDERKER & BARBARA ARMSTRONG, BUDY PATEL

# THE PEOPLE OF SOUTH AFRICA

BHAVNA NATHOO C. PATEL

Recent boycotts and unrest among our students has brought to mind sincere thoughts to many people, yet some purposefully fail to recognise and completely disregard the fact concerning a suppression of human rights. The reason for this is outlined as ignorance. People seem perfectly content with the fact that nothing can be done and under this impression offer very little co-operation. In this article, I would like to bring to light the history of the South African people and why it is very necessary to change the present system.

Before 1652, the inhabitants of South Africa consisted of the San, Khoikhoi, Nguni — and Sotho speaking people. With the arrival of the Dutch and repeated wars with the British, South Africa was finally ruled by the British. The Dutch Afrikaner was still living in South Africa at the time of the annexations. The discovery of minerals intensified matters since cheap labour was needed and this gave rise to modern Capitalism. The conquered inhabitants had no land to live on, were forced to seek labour on the mines and white owned farms. Thus, the once powerful African nations were defeated, their economy and society destroyed and they all became migrant workers under the white settlers.

At the turn of the century the African society was brutally exploited by extreme conditions which prevailed and they began resisting. The beginning of the political struggle was marked with the formation of the first resistance organisation, Imbumba Yama Afrika. But what could be done? Can there be a war between spears and guns? Better organisation and planning was needed. Fewer and fewer people looked to a restoration of the pre-colonial past as the solution to their problems. More and more began to see their future in a South Africa as free citizens of a free society.

At first, preachers, teachers, doctors and lawyers led the political and cultural movements. Workers began to play a leading role in these spheres with the rapid growth of trade unions. Although the struggle seemed to be one between 'blacks' and 'whites', in fact it was much more complex than that. The key to the study of the modern history lies in our ability to identify the class relationships that underlay the superficial events that seemed to involve 'whites' and 'blacks' rather than workers, traders, etc. 1912 saw the formation of the A.N.C. At the early stages they seemed a solid middle-class body. They fought against the 'Native' Land Bill and the 1913 Land Act which restricted 'black' people to reserves. After the war industrial unrest became prevalent and demonstrations organised by the A.N.C. were simply met with mass arrests. The A.N.C. underwent a period of dissension. This was eclipsed by the rise of the I.C.U. which articulated black labour protest. As a result of police action against strikes, the I.C.U. had burnt itself out by 1930. Influenced by ideas from abroad, the A.N.C. revived during the war years. Anti-pass demonstrations at Sharpville and Langa, organised by the P.A.C. Police opened fire, killing 69. Dis-investment, mass arrests and the Regime declared a State of Emergency. The P.A.C. and A.N.C. were banned.

South Africa during the 1960's, was a prosperous country. This prosperity and stability was maintained through continued re-pression and exploitation of the masses. The majority of the workers were not prepared to accept their oppressed positions passively. The 1970's saw an upsurge of the working-class resistance against the unjust system. There were many demonstrations and mass arrests during the period before 1976.

In 1976, students in Soweto protested against inferior education. Wednesday, June 16 was the day which took South Africa out of its deep slumber and rocked its social fabric. It was the day when students responded to decades of relentless economic exploitation and political repression. They were joined by workers and other

students who pledged their solidarity by going on strike. Many hundreds of people gave their lives. During the next year, 18 consciousness organisations were banned and Steve Biko died in detention.

The 1980 boycott created an emotional mood of militancy among students. There was a common cause and students took a stand as the leaders of tomorrow. Much organisation is needed in staging a boycott as the best weapon. Boycotts were staged during this year. The school boycott was a nation-wide cry against an educational system which is based on racial lines. the most important achievement was unity and a political awareness among the students. Just as students emphasised the connection between inferior education and lack of political power, so the relation between factory and community organisation is drawn.

I hope this article has shown the necessity of unity and an awareness among the people of all communities.


*Best Wishes for Diwali*



**BALOO M. PATEL and BHARAT RATANJEE MAKAN**
21 Mavis Road, Rylands Estate Phone: 72-8502


## SHOW ME THE SPOT

**Baburao Patel**
(Editor of "Mother India")

*What bewildering faces, O Lord of Universe,*
*Thou has worn,*

*Which am I to take home to converse*
*with Thee alone?*

*In air and water I see Thee,*
*and in the vault of the blue sky,*

*In hills and dales I find Thee,*
*flying gaily with the little fly.*

*In the whistle of the wind I hear Thee,*
*and in the storm Thy angry cry.*

*In the rays of the Sun I feel Thee,*
*in the moonbeam Thy gentle eye,*

*In trees and flowers I have caught Thee,*
*tempting the butterfly,*

*Hiding her honey in Thy flower,*
*her food Thou dost not deny.*

*In Ganga's ripple I hear Thee sing,*
*and Thy croon in little stream,*

*In falling waters I hear Thy roar,*
*and Thy whisper in my dream.*

*Where art Thou, O Lord,*
*and where art Thou not?*

*O, Creator of this Universe,*
*show me that unknown spot.*

*For there I shall build*
*my altar to worship Thee,*

*To meet Thee alone, O Lord,*
*and pray for communion with me.*

# સત્સંગ સમય છે પ્યારો

રચનાર : પંડિત વિનયચંદ્ર બી. પટેલ
પીટરમેરીટ્સબર્ગ - નાટાલ

(મંદિર તારું વિશ્વ રૂપાળું - ના રાગમાં)

શરણ પ્રભુની આવો રે, સત્સંગ સમય છે પ્યા.....રો (ટેક)
(આરોહ) છળ, કપટ ને જૂઠ ને ત્યાગી
સત્યમાં ચિત્ત લગાવો રે (૨)
(અવરોહ) ઉદય થયો ૐ નામનો ભાનુ
આવો દર્શન કરી લો રે ...............શરણ પ્રભુની

પાન કરો સત્સંગ અમૃતનું,
ઉત્તમ પદવી પામો રે (૨)
હરિની ભક્તિ વિના નથી મુક્તિ,
એ વિશ્વાસ જમાવો રે ............શરણ પ્રભુની

મનુષ્ય જન્મ અમૂલ્ય મળ્યો છે
વૃથા ન તેને જવા દો રે (૨)
જપી લો રામનામ સ્મરણ ને
અંતમાં ન પસ્તાશો રે...........શરણ પ્રભુની

ધન્ય "વિનય" સૌને જે પાળે
તેને ન કદી ભૂલી જશો રે (૨)
ભક્ત મંડળ સહુ સાથે મળીને
ગુણ ઈશ્વરના ગાઓ રે ........શરણ પ્રભુની

# જીવન ઝરણાં

સંગ્રાહક :- શ્રીમતી પદમાબહેન પટેલ
સાઈમન્સટાઉન

* સ્ત્રીનું ચારિત્ર્ય કાચના વાસણ જેવું છે. એક વાર તૂટયા પછી તે સંધાતું નથી
* સ્ત્રીની કમનીયતા ઉપર જરાક છાયા ના ઢાંકણની જરૂરિયાત રહેલી છે.
* સ્ત્રી એ પતિની ગમે તેવી આશાઓ ઉઠાવનારી દાસી નહિ, પરંતુ સહધર્મચારિણી ને સુખદુઃખ ભાગિની છે.
* ખુદ ભગવાને પણ સ્ત્રીની હઠ આગળ નમતું આપવું પડે છે.
* સ્ત્રીઓ ઈચ્છે તો ધનવાનને નિર્ધન અને નિર્ધનને ધનવાન બનાવી શકે છે.
* જે દેશની સ્ત્રીઓ અજ્ઞાનતાના સાગરમાં ડૂબકા ખાતી હોય તે દેશ કોઈ દિવસ સુશિક્ષિત બનીને પ્રગતિને માર્ગે કૂચ કરી શકવાનો નથી
* સ્ત્રી એ જીવન-ફૂલની ખુશબો છે, લગ્ન દીપની જ્યોતિ છે, સમાજરૂપી આંખની કીકી છે, રાષ્ટ્રરૂપી પાંખની ગતિ છે. વિશ્વની અધિષ્ઠાત્રી ને પ્રગતિની જન્મ દાત્રી છે.
* ઘરની શોભા કન્યા. ધનની શોભા વિદ્વત્તા. પુરૂષની શોભા સદ્બુદ્ધિ ને સ્ત્રીની શોભા લજ્જા છે.
* જ્યાં નારીનું પૂજન થાય છે ત્યાં સર્વદા દેવતાઓનો નિવાસ હોય છે.




# Diwali Greetings to all our Hindu Clients

**MELOTRONICS**
(PTY) LTD.

ZOBO MUSIC CENTRE

101 SHOP No. 3, PARKFAIR CENTRE, ELSIES RIVER 7460. ☎ 98-1936
102 SHOP No. 16, ADELPHI CENTRE, MAIN ROAD, SEA POINT 8001. ☎ 49-1477
103 TOWN CENTRE, SHOP No. 3, BLOCK 37, MITCHELL'S PLAIN 7764 ☎ 62-6237
104 SHOP No. 6, ATHLONE CITY CENTRE, KLIPFONTEIN RD., ATHLONE 7764. ☎ 67-8146/7
105 WORKSHOP: AILEEN BLDG., SHOP No. 10, LAWRENCE RD., ATHLONE ☎ 67-8146 Ext. 6
106 27 ADDERLEY STREET, CAPE TOWN 8001. ☎ 45-5747

# પ્રભુ નામ સ્મરણ
# હરિ-જાપ યજ્ઞ

લેખક: રમણલાલ પ્રાણશંકર જોશી - ડરબન

---

"સ્મરણ કરીલે હે માનવા! તારી વહી ચાલી જીંદગી હરિ નામ વિના." ભકત શિરોમણી નરસિંહ મહેતા કહે છે કે તું કોણ? કયાંથી આવ્યો? તારૂ મૂળ શું? તે વિચાર અને ક્ષણિક સંસારની મિથ્યા માયા મમતા છોડી શ્રી હરિનું સ્મરણ કર. હરિ નામ વિના તારી ઉંમર વ્યર્થ વહી જાય છે. જળ વિનાનો કૂવો.... ફળ વિનાનું ઝાડ.... ચંદ્ર વિનાની રાત. ... દીવા વિનાનું ઘર....અને આંખ વિનાનું શરીર, તેમ હરિ નામ વિનાનો માનવી છે. આવું માનવજીવન ભારરૂપ જ આલેખાય...

અન્ય પ્રકારની ભકિતમાં તો ધનની, આરોગ્યની, શ્રમની, સમયની. જરૂર પડે, પરંતુ નામસ્મરણ, હરિજાપયજ્ઞ માં તો એની પણ જરૂર પડતી નથી. પ્રભુ નામ સ્મરણ કોઈ પણ જગ્યાએ, ગમે ત્યારે, કોઈ પણ પરિસ્થીતિમાં, કોઇ પણ સંજોગોમાં થઇ શકે. એમા ભણેલા કે અભણ, વૃધ્ધ કે બાળક, સ્ત્રી કે પુરૂષ વિગેરેની પણ કાંઈ મર્યાદા નથી. શ્વાસે શ્વાસે પ્રભુ સ્મરણ... એજ એક ફકત સચોટ નિયમ છે. એમાં એવો પણ નિરધાર નથી કે અમુક જ દેવદેવીનું નામ લેવું. જેમને જેમા શ્રધ્ધા હોય તે દેવના નામથી પરબ્રહમ પરમાત્મા નું સ્મરણ થઇ શકે. પરમકૃપાળુ પરમાત્માનાં અસંખ્ય નામો છે. એમાનાં કોઈ પણ નામ વડે થયેલું સ્મરણ એક જ વિશ્વનિયંતા વિભુ ને પહોંચે છે.

"યજ્ઞોમાં જાપ યજ્ઞ હું છું" એમ ગીતામાં શ્રી કૃષ્ણ ભગવાને પોતે કહયું છે. મને પ્રાપ્ત કરવા માટે થતા સર્વ યજ્ઞોમાં જાપ યજ્ઞ તે હું છું. આમ કહીને પ્રભુએ નામ જાપયજ્ઞની મહત્તા આપી છે. મીરાંબાઈ, શબરી, પ્રહલાદ, ધ્રુવ, વિગેરે, વિગેરે અનેક ભકતજનો હરિનામજપથી જ ધન્યતા પામ્યાં. મનુષ્ય જીવન સફળ કરી ગયાં છે. સત્યં-શિવં-સુંન્દરં ને પ્રાપ્ત થયાં છે. હરિનામ લેવું એટલું જ બસ નથી પરંતુ એની લેહ લાગવી જોઈએ. લગની વિના, તમન્ના વિના, હરિનામ લીધુ વધારે ફળદાયક નથી.

કબીરજી કહે છે તે પ્રમાણે, "મુખમેં રામ બગલમે છુરી, વો ભગતકી દાનત બુરી,"... મન જેનું પવિત્ર નથી.... ચિન્ત જેનું શુધ્ધ નથી....બુધ્ધિ જેની નિર્મળ નથી....હૃદય જેનુ હરિ નામથી સભર નથી....એવા દંભીભગતની ભકિત એળે જાય તો એમાં નવાઈ નથી.

પ્રભુ ને સાક્ષાત માની, એ બધુ જુવે છે, જાણે છે, એ વિચાર દૃઢ કરી, આચરણ શુધ્ધ કરો, અને હરિનામ જાપ શ્વાસે શ્વાસે લેવાની ટેવ પાડો, તો આપોઆપ આપણો ઉધ્ધાર થઈ જશે. ભકિતમાં શ્રધ્ધા અને આચરણ શુધ્ધિ એ તો ભકિતનો આત્માં છે. "આચાર: પ્રથમો ધર્મ:" એમ આપણા શાસ્ત્રો પુકારે છે. આચરણ શુધ્ધિ સિવાયની ભકિત ભકતનું અહંમ્ વધારી અધોગતીમાં નાખે છે.

આ જન્મો જન્મનો કાદવ એકાએક સાફ થઇ જશે? શું ત્યાં સુધી નામ સ્મરણ કરવું જ નહિ? ના એમ નથી. જરૂર લેવુ. કારણ કે એ આચારરૂપ જન્મો જન્મનો કાદવ સાફ કરવાનો કોઈ સચોટ, સારો અને શુધ્ધ સાબુ હોય તો તે હરિનામ-સ્મરણ છે. "ભણતાં પંડિત નિપજે" અને "લખતાં લહીયો થાય" એ પ્રમાણે મંડયા રહેનારને સમય જતાં સત્ય જરૂર સમજાશે. હરિનામ જાપ પ્રથમ પગથિયું છે. પગથિયે પગથિયે ઉપર ચડાય. ધીમે ધીમે ઈશ્વર સમીપ જવાય. દરેક ક્ષેત્રમાં બાળક અવસ્થા હોય છે. ધર્મ ક્ષેત્રમાં પ્રવેશનાર માટે આ સરળ અને સુગમ માર્ગ છે. એમાં બીલકુલ શક નથી.

હરિનામ સ્મરણ....આચરણ શુધ્ધિ....જીવનસંગ્રામમાં શુધ્ધ વહેવાર....આટલાથી જ આ ભવસાગર તરી ગયાં અને ધન્ય બની ગયાનાં અનેક દાખલાઓ આપણા ઈતિ-હાસોમાં છે. જેમ કે... વાલ્મિકી, અજામીલ, પુંશ્ચલી, એવા અનેક ભકતજનો ફકત પ્રભુનામ સ્મરણથી જ ધન્ય બની ગયા છે. જાણે, અજાણે... ભાવે, કભાવે લીધેલું પ્રભુનામ મિથ્યાં જતું નથી. આથી જ્ઞાન વિના, ધ્યાન વિના, તન્મયતા વિના પણ લેવાય તેટલું પ્રભુનામ લેતા રહો. જેમ કાદવમાં,

પથ્થરાળ જમીનમાં, ગમે ત્યા વાવેલા બી માંથી કોઈ કોઈ બી જરૂર ઉગી નીકળશે ને ફુળશે. તેમજ શ્વાસે શ્વાસે લીધેલા પ્રભુ નામ જાપથી એકાદ શુભ ઘડીએ લીધેલું નામ પણ પ્રભુના ચોપડે જરૂર નોંધાઈ જઈ તમારો પ્રભુ પ્રાપ્તી નો માર્ગ સુગમ અને સરળ કરી દેશે. એટલું જ નહિ.... એ જયોતમય બની એ મહાનજયોતનું મિલન કરાવશે.

આજે આપણા હિન્દુધર્મમાં ઘણાં સંપ્રદાયો કાળાનુસાર પ્રગટ થયાં છે. છતાં મારી માન્યતા પ્રમાણે "પ્રભુ નામ સ્મરણ" એ લગભગ બધાં જ સંપ્રદાયો ને માન્ય છે. એજ મુખ્ય, સરળ, અને સચોટ માર્ગ છે. એથી જ બધા સંપ્રદાયોએ એને અપનાવ્યો છે. બધા જ સંપ્રદાયો એ પ્રભુપ્રાપ્તિ માટેનું સાધન છે, અને એનો મહામંત્ર શ્વાસે શ્વાસે નામ સ્મરણ... પ્રભુ નામ સ્મરણ છે. આ કળીયુગમાં રામનામ સિવાય સંસારી જીવને ભવપાર કરવાનો બીજો એક પણ સચોટ અને સરળ માર્ગ નથી.

મનુષ્ય જીવન-દીપ કયારે બુઝાઈ જશે તેની કોને ખબર છે? માટે કાલ પ્રભુ ભજતાં આજ ભજ, અને આજ ભજતાં અબ ભજ. નીતિ અત્યારથી જ ગ્રહણ કરો.


Wishing all friends and relatives
A Happy Diwali



**MANGOOBHAI LALLOO DESAI AND FAMILY**
**30 BOUNDARY ROAD, CRAVENBY ESTATE, CAPE**

WHOLESALE AND RETAIL
FRUIT AND VEGETABLE SUPPLIERS

# SUZUKI SOUTH
**46 MAIN ROAD, CLAREMONT**
**TELEPHONE: 64-4086/7**

*For the Best Deal on Two Wheels*
come to
**SUZUKI SOUTH**
*Full range of accessories and spares in stock.*



# મહામંત્ર ગાયત્રી

લેખક
પંડિત વિનયચંદ્ર બી. પટેલ
પીટરમેરીટ્સબર્ગ
નાટાલ

**ગા**યત્રી મંત્ર એ મહામંત્ર છે. ગાયત્રીને વેદમાતા પણ કહે છે, કારણ કે ઋક્, યજુ અને સામ એમ ત્રણે વેદોમાંથી ગાયત્રી મંત્રની એક એક લીટી લેવામાં આવી છે. ગાયત્રી મંત્ર એ તારક મંત્ર છે. અને એનું શરણ લેનાર ને એ દુઃખમાંથી ઉગારી લે છે. ભયમાંથી તારે છે. ભારત ના સર્વ મહાપુરૂષોએ સંતોએ, સિધ્ધોએ, મહાત્માઓએ, ઋષિમુનિઓએ, તેમ જ સામાન્ય કોટિના માનવોએ આ ગાયંત્રી મંત્રનાં મુક્તકંઠે વખાણ કર્યાં છે, અને સાથે સાથે અદ્‌ભુત જ્ઞાનની પ્રાપ્તિ, બુદ્ધિની તેજસ્વિતા અને ચમત્કારિક પરિણામો મેળવ્યાં છે. જપાત્ સિદ્ધિઃ અર્થાત્ જપથી (ગાયત્રી મંત્રના જપથી) સિદ્ધિ મળે છે.

પ્રાચીન ઋષિમુનિઓની એ મહામૂલી ભેટ છે. એ આપણા સૌનો અમૂલ્ય વારસો છે. રોજ એનો જપ કરીને અનુભવ કરીલો. ચલિત થયા વિના રોજ ગાયંત્રીમંત્રના જપ કરો. ગાયત્રી મંત્ર એ બ્રહ્મચારીઓનું તેજ, ગૃહસ્થનો આધાર અને સમૃદ્ધિ છે તથા વાનપ્રસ્થાશ્રમની શાંતિ છે.

ગાયત્રી મંત્રનો - ગાયત્રી ના જપનો સહુ કોઈ સદુપયોગ કરી શકે છે. એ આપણા બધાનાં આતુર હૃદયોની પ્રાર્થના છે. એમાં પ્રકાશની માગણી છે. માનવીના આરોહણ માટે - માનવ જીવનની પ્રગતિ માટે એ એક દીવાદાંડી છે.

<u>ગાયત્રીમંત્ર</u> - ઓમ્ ભૂર્ભુવઃ સ્વઃ | તત્સવિતુર્વરેણ્યં | ભર્ગો દેવસ્ય ધીમહિ | ધિયો યો નઃ પ્રચોદયાત્ |

<u>અર્થ</u>:- જેમણે આ સૃષ્ટિનું સર્જન કર્યું છે, જે આરાધના કરવા યોગ્ય છે, જે સર્વ દોષ અને અજ્ઞાનને હરી લેવા સમર્થ છે, એવા પરમેશ્વરનું આપણે ધ્યાન ધરીએ; એ અમારી બુદ્ધિને સન્માર્ગે દોરે.

ગાયત્રીના જપ વખતે તેના અર્થને ધ્યાનમાં રાખી જપ કરવો હિતાવહ છે. ગાયત્રી મંત્રમાં ૯ નામ છે - ૧) ઓમ્ ૨) ભૂઃ ૩) ભુવઃ ૪) સ્વઃ ૫) તત્ ૬) સવિતુર્ ૭) વરેણ્યં ૮) ભર્ગઃ ૯) દેવસ્ય. એ નવ નામ વડે પ્રભુની સ્તુતિ કરી છે. ધીમહિ એ પ્રભુની સ્તુતિ છે, અને છેલ્લી પ્રાર્થના - પ્રચોદયાત્ - પ્રભુ આપણી બુદ્ધિને સન્માર્ગે - સારે રસ્તે દોરે તે માટેની પ્રાર્થના છે.

સૂતેલા, બેઠેલા કે ચાલતાં - એ સર્વ સ્થિતિમાં મનથી જપ કરી શકો છો. તેમાં કોઈ દોષ નહિ લાગે. જપમાં ઉચ્ચાર સ્પષ્ટ અને શુધ્ધ હોવા જોઈએ. શરૂઆતમાં સાવધ રહેશો તો એકાગ્ર ચિત્ત કરવામાં અનુકૂળતા થશે. આળસ કરી જપ કરવા બેસશો નહિ. પ્રથમ નિશ્ચય કરી લેજો અને પછી જપ કરવા શરૂ કરજો. કેટલો સમય? તેનો આધાર તમારા મન સાથે નક્કી કરવાથી વ્યવસ્થિત થઈ જશે. ધીમે ધીમે ચિત્ત દૃઢ થતાં જપનો સમય વધારવાનું વાચકના - સાધકના હાથમાં છે.



Pick 'n Pay

WHERE YOU SCORE ON PRICE & QUALITY

Lucky 7

Right where you live

Part of the M&B Cash and Carry Group.

FOR PROFIT

# આદર્શ બાળક

લેખક

જસમતભાઈ નાનાભાઈ
જોહાનિસબર્ગ

બાળક હંમેશા આ યાદ રાખે :-

તેણે સંપૂર્ણ સત્યનિષ્ટ બનવાનું છે,
હૃદયના સાચા થવાનું છે,
સત્યનો અંતે વિજય જ છે.

તેનામાં જો પ્રગતિ કરવાનો દૃઢ સંકલ્પ હશે તો તેની પ્રગતિ સતત થતીજ રહેશે. તેને લાગે કે કોઈ વસ્તુ તેની વિરૂદ્ધ જઈ રહી છે. તેને માટે અપાયેલો ચુકાદો તેની તરફેણમાં નથી, તો પણ તે કદી ગુસ્સે થતો નથી.

પોતે જે કંઈ કામ હાથ લે છે તે માટે તે પોતાની તમામ શક્તિ વાપરે છે એને જણાઈ આવે કે હું હવે લગભગ હારીજ જઈશ તો પણ તે પોતાનું કામ પડતું નહિ મૂકે. તે હંમેશાં તદ્દન સીધી રીતે વિચારે છે, સીધી રીતે વર્તે છે. ભલે ગમે તે પરિણામ આવે, સત્ય કહેતાં તેને કદી ડર નહિ લાગે. પોતાની મહેનતનું પરિણામ જોવા માટે તેને ભલે ખૂબ ખૂબ રાહ જોવી પડે, પણ પોતાનો ઉત્સાહ ભાંગી નહિ જવા દે. તેને ખબર પડે કે મારા માર્ગમાં અમુક મુશ્કેલીઓ તો આવવાની જ છે, અમુક સંકટો તો આવશે જ, પણ તેની સામે તે કદી ફરિયાદ નહિ કરશે. સામનો કરી લેશે.

ભલે તેણે ખૂબજ લાંબો વખત પ્રયત્ન જારી રાખવો પડે, પણ તે પોતાના કામમાં જરા પણ મંદ નહિ પડે. .સફળતામાં અને નિષ્ફળતામાં બન્ને સ્થિતિમાં તે સમતા જાળવે છે. પોતે ભલેને અનેક વાર હારી જાય પણ છેવટે પોતાનો વિજય થવાનો જ છે. એ શ્રદ્ધાથી તે સદા લડતો જ રહે છે, હરેક સ્થિતિમાં હસતા રહેવું. હૃદયને પ્રફૂલ્લ રાખવું.

પોતાની જીતથી તે ફુલાઈ જતો નથી, તેમજ એને એમ પણ થતુ નથી કે પોતે પોતાના સાથીઓ કરતા વધારે સારો છે. તે બીજા માણસોની શક્તિની કદર કરે છે, અને બીજાને સફળ થવામાં મદદ કરવા સદા તૈયાર હોય છે. તે શિસ્તના સર્વ નિયમો પાળે છે, ને સદા પ્રામાણિક હોય છે.



*Diwali Greetings*

from

# HEIN'S SERVICE CENTRE

*Mercedes/BMW and all General Repairs*

*Steam Cleaning, Elec. Tune-up ★ Free Lubrication with Oil Change*

**Come to Shell for answers**

**Noll Avenue, Athlone Industria 7764.** **Phone 67-9037/8**

Wishing all friends and relatives a Happy Diwali

GOVAN BUILDERS

BHAGATSINGH B. GOVAN 2 TUSSEN ROAD RYLANDS ESTATE 7764

# THIS CARD PUTS 10 % IN YOUR POCKET




## CENTRE CASH CARD

**will soon be in your town.**

IF YOU WANT AN INCREASE
IN YOUR TURNOVER
FROM YOUR RETAIL STORE

contact us at
CAPE TOWN (021) 64-4094

# TRAVEL

*By Bhikhoo Magan*

Before embarking on an overseas trip, see that you obtain a Diners Card or an American Express Card. The advantages are many and will be of great help in other countries. The Express Card has a built in factor like insurance for accidents, lost baggage and separate insurance is not necessary. Normally one has to take out all these risks and the sum does become large. The American Card costs R25,00 and this covers the above. Never pay for the tickets in cash as the payoff system is far superior as the interest rate is a mere 7% and that in any persons language is cheap money. Today the bank overdraft varies between 13% and 14%. To elaborate is futile as everyone can see the meaning. Once that is done then see that your baggage is as light as possible. Allow me to relate some of our experiences overseas.

We went from Johannesburg to London with a 24 hour stop at Madrid. Iberia Airlines will allow one to stay in Madrid for 24 hours without extra cost and all hotel bookings are free. Therefore in one day, one can spend a profitable day at the Prado museum where the masterpieces of the world are on display. Superb paintings by Goya etc., in profusion. Now on to London. I shall not dwell long on this city as many of the readers have been there and everyone's experience is different. Many go to see relatives, others to see plays and opera. Others again like to play the horses as England has racing everyday and one goes to a betting shop to have a flutter. Then there are the night clubs and Disco fans to let rip and enjoy themselves. Thus London has everything for all tastes. Restaurants are abundant and the Indian ones gives you all the variety in curries that will satisfy every palate. From London the best way to see certain parts of Europe is by Thomas Cooks Coach tours. They are really good and highly efficient. No passport bickering and the luggage is completely safe. Good hotels and excellent food. Only the booze must be paid for. From seven days to 30 days can be arranged. It is cheaper this way and very safe for elderly people.

On to India and the first city one lands in is Bombay with a thousand smells. Alas, Bombay is not the same as ten years ago. All hotel prices are becoming prohibitive and the rupee is worth only 22 paise. Yet in spite of the congestion and all that, it has a fascination all its own. There is a complete cosmopolitan spirit and shopping is a minefield for prices. Once can be taken for a ride as smoothly as silk and not be aware of this. Most of you have been there and one must not miss the Elephanta caves on a nearby island about 40 minutes by boat which has a guide. The carvings are dedicated to Shiva. Bombay has a magnificent orchestra and sometimes conducted by Zubin Metha.

India provides cheap travel to see the country. Those in a hurry can take the one month air ticket for 600 US Dollars and go where you like. The best way, time permitting, is by car. Hire one in any city and see that the car has an ALL INDIA licence, as one without this disc will land in all sorts of problems as the traffic cops must be bribed and this can become a costly affair as the grapevine is fast and at the next border post you will have to go through this exercise again. One example will suffice. My brother-in-law arranged for his son's wedding from Surat to Ahmedabad. We booked a Combi of 18 seats from a reputable firm and thought that that problem was settled. We all climbed in and went off in high spirits, singing wedding songs, and the women were in rare form. On leaving the state road and entering the National highway, we were stopped by traffic law and were asked for the state or all India licence. The driver went into a huddle with the cop and we were getting a bit tense as we were under the impression that everything was in order. Not on your life. Everything was wrong. The cop came to the mini bus and demanded all our names. This is pure Ripley. Everyones' surname was Chouhan except mine.

This, the cop could not believe, and my passport allayed his suspicion. To end this nonsense we had to fork out 50 rupees for 'chah-paani' as we did not have the time to go to the police station and explain. This unhappy setup bugged us in Baroda and also coming back. So beware.

We travelled for six months and saw the South of India which was very pretty and the impressions will always be with us. Kanya Kumari



*Diwali Greetings*



FROM

**RAINBOW SHOE REPAIRS &**
**REMBRANDT SHOE REPAIRS**

**35 EPPING AVENUE, ELSIES RIVER**

**HEMENDRAKUMAR, MANOJKUMAR, DEEPAK & SADHNA DALPATBHAI PRAG**

36 RAJAH ROAD, CRAVENBY PHONE 98-9378



*Diwali Greetings*

TO ALL FRIENDS AND ASSOCIATES

*from*

**MR & MRS SATAAR PARKER**

43 TUSSEN ROAD, RYLANDS ESTATE

*Wish all a Happy Diwali and A Properous New Year*



# ATLAS TRADING CO.

**(PTY) LTD.**

*Wholesale Merchants and Direct Importers*
*Cigarette and Tobacco Distributors*

Phone
22-4551/2

94 Wale Street
Cape Town

*Stockists of*

**ALL INDIAN SPICES AND GROCERIES**
**FRESH VEGETABLES**
**PAAN, INSENCE STICKS, ETC. ETC.**

**Holy Quaraans and All Muslim Religious Books with English Translation and Arabic Text**

is a delight of the first order and the temple to Vivekananda on the rock is of supreme beauty. An all India fund was launched and over 80 lakhs of rupees were collected and the temple built. The hotels by the Tamil Nadu and Kerala governments are big and very, very cheap for a huge bedroom with bath and shower and English loo. Food is very good in the dining room. The charge for this beautiful room was a mere 25 rupees a day. It will take too much space to relate all the experiences of India and must wait for another time.

From Bombay we went to Bangkok. A hot and sweltering city. We were surprised and happy to note the huge factories put up by Indian multinational companies. We decided to take the conducted tour and saw cock fighting, elephants working and a Thai wedding drama. All very good and quite cheap. The Americans and Japanese are all over. We were the only Indians on this trip. Luckily for us we met a Sindhi business man and he was most helpful in seeing that our surplus luggage was shipped back home. We sampled a Thai dinner with Thai dancing and very good fare it was too.

Off to Hong Kong. What a city. It is unique. The hustle and bustle is unnerving. The airport runway goes right into the sea and one has the impression that one is landing on water. An undersea tunnel connects the island with the mainland. This is a superb engineering feat. The tunnel is one way with two lanes each. The shopping malls are vast and so tastefully arranged. Untold thousands of Chinese people live in junks (boats) and some are high class eating places with a show thrown in as well. There are special trips to see all this by big junks. Anyone deciding to see Hong Kong, please see that the hotel booking is confirmed, as you will have many problems to get a bed. This place is full for 12 months of the year. No quiet period. It is a businessmans paradise. No one is interested in you, except for business and making money. The rest is all junk. Sindhis are the main Indian exporters. The Chinese control vritually all aspects in this free port.

On to Singapore. On arriving at the airport we were thrown out within half an hour as we had South African passports. What a time we had. They were not interested when I explained that we were in transit. Nothing doing. Out. They flew us out to Sydney and back again to Nomea Island in the New Hebrides. The flight from Nomea to Singapore is about four hours. This mishap cost us over fourteen hours. On arriving in Nomea the passports again came into play and our luggage was taken out and even the linings of our suitcases were ripped open. For what was this in aid of I asked. The French officer merely said Sud Afrika. We were lambs. We stayed one day only and took off. A very beautiful island with magnificent beaches and gentle people. This was like balm to us and let the unpleasantness at the airport evaporate. Next day we left for Fiji. This is one of the jewels of the Pacific Ocean. A few facts will come as a surprise. The population is a little over half a million and the Indians comprise over 53%. The Indians are in control of business and some of them are huge and bigger than most big South African Indian businesses. The towns are small and neat. Most of the Fijians live in villages and no one, I repeat, no one can buy ground in any village. This is entrenched in their constitution. Everyone is completely free to trade and live where one likes. The Fijians are big in size and very gentle. Their national sport is, believe it or not, rugby. They are even more fanatically attached to this game than the Afrikaners. They receive all rugby playing countries and have built a magnificent stadium for this purpose. We met so many nice and hospitable people that another visit would be in order. There are thousands of small islands and the top hotels have tiny built-in jetties so that the boats and yachts can be tied up and simply walk into the hotel. This really fascinated us. The locals took it for granted, and poked fun at us. They have cosy clubs to play snooker, table tennis and bridge, as well as a well stocked bar. They are good drinkers and will put us all under the table in no time. Be wary when going to Fiji, as the drinking must be tightly controlled. There is an island of Labasa (pronounced Lambasa) and on this island we saw a Shiva Linga growing up and in twelve to twenty years it grew from a few inches to over twenty feet.

We were sceptical about all the tales and went to the newspaper library to check. Talking to the reporters, all agreed that it is true and said it may be a volcanic eruption at that spot.



# *Diwali Greetings*



FROM

## SURWELL PHARMACY

**Athlone Phone: 67-2013**

**Mr. & Mrs. MITHAL PARSOTAM**
**Mr. & Mrs. HIMAT PARSOTAM**
**and FAMILY**

દિવાળીના શુભ પર્વના અભિનંદન.
નૂતન વર્ષ આપને અને આપના આપ્તજનોને
સર્વ પ્રકારે ઉત્કર્ષને માર્ગે દોરે અને
આપની અભિલાષાઓ સંપૂર્ણ કરે, એજ
પરમકૃપાળુ પ્રત્યે અમારી નમ્ર પ્રાર્થના છે.

પરભુભાઈ પરસોતમ ભગત અને સહકુટુંબ

**44 JANE AVE., RYLAND'S ESTATE**
**PHONE: 67-4815**



# *Diwali Greetings*

*from*

**R. MAGAN N.M. RANCHOD**
**and FAMILIES**

## PRIDE STYLE SHOE

**Mnfg. Co. (Pty) Ltd.**

*Ask for the famous casuals by name*

**Barracuda Marauders Bok Boks Cheqmates**

*Available at all leading stores*

Warrington Road, Claremont Phone 61-1858

Why such a small area I asked. They merely pulled up their shoulders. A temple is built round this Linga now. A pujari is in constant attendance. Behind this temple high up on the side of the hill is a smooth patch of rock and every Shravan month the picture or painting of Lord Krishna comes out in blue with another painting of a small boy. Then it goes away. I have no explanations for this and we saw this ourselves. Ripley again. Prawns and fish in abundance with all the Indian vegetables in profusion. Patra grows everywhere and nobody buys this. They go into the little fields and cut as many as they like. We had lots of this free food. Fiji is a tourist haven and this tiny place has TWO international airports. The whole island's economy is based on sugar and tourists only. The weather is warm throughout the year. Suva is the largest town with 100 000 people. The Fiji dollar is equal to our Rand and worth more than all the dollars of other countries. Eg. 80 Fiji cents is equal to 1 N.Z. Dollar. 90 cents to 1 Australian dollar. Fiji is a must for anyone going to the Far East. By paying 23 dollars extra on our ticket one can go to Tonga and see this delightful island with only 90 000 people. They have a King and Queen and a parliament. Only five Indian families. The Copra is the economy. The people live well and are kind and docile.

Now we flew to the south to New Zealand and this icy country really had us by the throat. Even during the month of September, it was bitterly cold and windy. We stayed a month, seeing everything of importance and must admit that this is a beautiful country with everything so green and neat. The rivers are so clean that it is safe to drink the water. It is sheepland and yet the meat is more expensive than here. Strange is it not. No servants and everyone must work like hell. All businesses are closed on Saturdays and Sundays so that they can clean their homes and do the washing. All the Indians have one meal a day and as the shops close at 5.00 pm. they rush home to eat. We were taken aback at their mode of living. Even if they paid us we would never live in this place. On our way home we stopped in Sydney to see their opera house. It is simply fantastic. It is huge and utterly beautiful. The planners were so thorough that they forgot to lay down parking areas for the cars. It must end now. on the way back we rested in Mauritius for three days and then on to Johannesburg. And home. There were so many funny little incidents and to put this down in a small article will require so many more pages and this will not do as space is limited. The soles of our feet are itching again and a plan must be made.






*Diwali Greetings*

**SHUBHAS RAMA & FAMILY**

14 Boundary Road, Cravenby Estate Phone: 93-9884

# દિપોત્સવી અભિનંદન

બાબુભાઈ નાગર કુવરજી અને સહુકુટુંબ



**Babu's**

FOOTWEAR STORE
MASTERCRAFT SHOE REPAIR SERVICE
ORTHOPAEDIC REPAIRS

33 PARK ROAD, WYNBERG 7800, C.P. TEL: 77-2321



# *Best Wishes for Diwali*



## DATAAR TRADING STORE
## RYLANDS SPICE CENTRE

32 ERNEST ROAD, RYLANDS ESTATE
PHONE: 67-2554

STOCKISTS OF ALL PURE WHOLE & GROUND SPICES,
INDIAN GROCERIES & HOUSEHOLD GOODS.
FRESH VEGETABLES AND PAAN EVERY MONDAY.

# હૃદયરોગ ની સાવધાની

શ્રીમતી મંજુલાબહેન પટેલ - સાઈમન્સટાઉન

**પો**તાનું હૃદય નબળું છે, એવું ડોકટરના કહેવાથી કે એકાદ વાર હૃદયની ક્રિયા નબળી પડતાં ગભરામણ થતી હોવાનો અનુભવ થયાથી જ્યારે માણસની જાણમાં આવે છે, કે, પોતાનું ભાવિ જીવન જોખમમાં આવી પડયું છે, ત્યારે તેના મનની સ્થિતિ વિચિત્ર બની જાય છે.

પહેલાં તો તેને હૃદય પર નબળાઈનો બીજો હુમલો થોડી વારમાં થશે એવો ભય લાગે છે. એ હુમલો કદાચ જીવલેણ પણ નીવડે એવી ચિંતા થાય છે. ભૂતકાળમાં ડોકિયું કરવાનું તેને મન થતું નથી. પણ હવે ભવિષ્યમાં શું થશે તેની તરફ તેના વિચારો વળે છે. મૃત્યુ થોડા સમયમાં આવી પહોંચશે એવી કલ્પના થાય છે; પરંતુ પોતે હજુ જીવે છે. કદાચ લાંબો વખત પણ જીવી શકાય એવી આશા અને તમન્ના સાથે સાવધાનતા પ્રગટે છે. એ સાવધાનતામાં તેના બધાં સારા-ખોટા લક્ષણો, વર્તનો અને ખરાબ ટેવો ભૂલાવી દેવાનું સામર્થ્ય રહેલું છે. તેની વૃત્તિ ડોકટરની સૂચનાનુ બરાબર પાલન કરવાં તરફ લાગી જાય છે.

ધીરે ધીરે હૃદયરોગીમાં એક પ્રકારની સંતોષવૃત્તિ પ્રગટીને વિકાસ પામવા લાગે છે. ધીરી અને શાંત ગતિવાળું જીવન વધારે સારૂં છે. એ તત્વજ્ઞાન અંતરમાં ઊગવા માંડે છે. તે વખતે પહેલા જરૂરી લાગતી ઘણી ઘણી વસ્તુઓ હવે બિનજરૂરી લાગવા માંડે છે. એવી વસ્તુઓને અવગણીને જીવનના શાંત - સુખી દિવસો જ સાચી ગણનાને પાત્ર છે, એવી સમજ જાગ્રત થાય છે. સામાન્ય રીતે માણસ સુખી હોય કે દુઃખી હોય, પણ તે વખતે તો એ હૃદયરોગીને એમજ લાગે કે આજનો દિવસ કદાચ છેલ્લોજ દિવસ હશે. માટે તે સુખ શાંતિથી જીવવો તેજ સારૂં છે. આમ તેને ડોકટરની સારવાર લેતાં દિવસોના દિવસો બિછાના માં ગાળવા પડે છે. અને તે દરમિયાન તે ધીરે ધીરે પગલું સંભાળીને ચાલતાં શીખે છે. સીડીઓની ચડ-ઉતર ઓછી કરે છે. ચિંતા થાય, ગુસ્સો થાય કે મન ઉશ્કેરાઈ જાય એવા પ્રસંગો તે ટાળતો રહે છે. આ સમય દરમિયાન નવું શાંતિ, સંતોષ અને સાવધાનનું જ્ઞાન તેને આપો આપ પ્રાપ્ત થવા પામે છે.

હવે તેને ગાડી કે બસ પકડવાની દોડાદોડી કરવાનું મન થતું નથી. હમણાં બીજી બસ આવશે એવા સંતોષથી ધીરે ધીરે આગળ ચાલે છે. જેમ બને તેમ દોડાદોડી ઘટાડવા તરફ મનની ગતિ રહ્યા કરે છે. પહેલા જે દોડાદોડી કરતો હતો તે બધી હવે નકામી છે. એવું તેના મનમાં થવા માંડે છે. આમ શાંત મનોવૃત્તિનું નવું ઘડતર તેની દૃષ્ટિમાં અને ભાવિ જીવન - પ્રવૃત્તિઓમાં પણ ક્રાંતિ લાવે છે.

સાથે સાથે તેના ઘરના અન્યજનોના વર્તનમાં અને વાતાવરણમાં પરિવર્તન આવી જાય છે. તેની પત્ની તેમજ બાળકો સાથેની અથડામણો કે નાની નાની તકરારો વિગેરે બંધ થઈ જાય છે. તેઓ બધાં સંભાળથી વર્તવા લાગે છે. ધીરે ધીરે શાંતિથી વર્તવાની ટેવ કાયમને માટે પડી જાય છે. સહકાર્યકરો, નોકરો અને મિત્રો એ બધાને પણ પહેલાની સરખામણીમાં શાંતિ મળવા લાગી. લાંબી ચર્ચાઓ, લાંબા વિવાદો અને ઝગડાઓ ઓછા થવા લાગ્યા. પરિણામે તેને રાત્રે ઊંઘ પણ સારી રીતે આવવા માંડી.

કોઈને એમ પણ લાગે કે આ તો દર્દીનું એક જાતનું બીકણપણું કહેવાય; પરંતુ આમ કહેનારાઓને જ્યાં સુધી હૃદય રોગનો હુમલો થયો ના હોય, ત્યાં સુધીજ એમ લાગે છે. આકરા દર્દ સમયે હિંમત કેળવવાની જરૂર હોય છે એ વાત ખરી; પરંતુ જીંદગીને ધક્કો લાગે તેવી સાહસિક રીતે વર્તન ચાલુ રાખવું, એ હિંમતમાં નહિ પણ અજ્ઞાનતામાં ખપે તેવી વાત છે.

સાવધાનતાપૂર્વક વર્તવા છતાં બીજા રોગીઓ કરતાં હૃદય રોગીને મૃત્યુના વિચારો વધુ આવતાં હોય છે. આવા વખતે તેનામાં એક પ્રકારની વૈરાગીવૃત્તિની પણ રચના થતી હોય છે. આ દુનિયામાંથી મારા જેવો એક માણસ મરી જાય તો શું, તેથી દુનિયાને શું

# HOT SPICE

## Quality Products

*for the best in*

**SPICE PRODUCTS**
**GOLDEN CRACKLES**
**INSTANT MASALA**

*insist on Hot Spice*

*With the best wishes for a Happy Diwali*

from

## HOT SPICE PRODUCTS
**(PTY) LTD.**

*Connoisseurs of Spices*

Cnr. Claude and Dawid Road, Athlone Industria 7764
Phone: 67-2542





KHOOSALBHAI, BHAVANBHAI, RAMANBHAI,
AMRITLAL & JAIRAMBHAI VANMALI PATEL
AND FAMILIES

*Extend their best wishes for a Happy Diwali & a Prosperous New Year to all Friends & Relatives*

10 Goldsmith Road, Salt River    Phone 55-5915

ખોટ પડવાની છે? સગાઓ પણ થોડા સમય પછી ભૂલી જશે. અરે પચાસ વર્ષ પહેલાં ગુજરી ગયેલા મહાપુરૂષોને પણ આજે કોણ યાદ કરે છે. ખરેખર "આપ મૂએ પીછે ડૂબ ગઈ દુનિયા" એજ છેવટે તો સાચું છે. આજ વિચારસરણીનો પણ આધ્યાત્મિક ઉપકાર છે. અને તે અવગણવા જેવો નથી.

હૃદય રોગનાં પહેલા આક્રમણને જ્યારે વરસ પૂરૂ થાય છે ત્યારે એક વરસ તો જીવી શકાયું. જે આનંદ પ્રગટાવે છે, તે આનંદ ભાવિ જીવન અંગે નવી આશા જન્માવે છે. અને મન વરસ દરમિયાનની જીવનરીતિનું મૂલ્ય વધારે આંકે છે. તેના જીવનના ધ્યેયો તેની સામે ઊભેલાજ છે. પણ તે ધ્યેય સુધી પહોંચવાના સમય સાથે દોડવાની જરૂર તેને લાગતી નથી. તે તરફ દૃઢ અને ધીરે પગલે આગળ વધવાનું તે વિચારે છે.

હૃદય રોગીએ પહેલા આક્રમણ પછી ખોરાકમાં પણ ફેરફાર કરવાની જરૂર છે. પ્રોટીન વાળા પદાર્થોનો વધારે ઉપયોગ કરવો. સવારમાં ઊઠતાવેંત એક પ્યાલો ફળોનો રસ લેવો. ધુમ્રપાન કરવું જરૂર નુકશાનકારક છે. પણ તે એકદમ બંધ કરી નાખવુતેપણ નુકશાન-કારક છે. એટલે ધુમ્રપાનમાં થોડો થોડો ઘટાડો કરવો વધારે હિતાવહ છે. હૃદય રોગ ૬૦ ટકા તો ચિંતા અને માનસિક મૂંઝવણ-માંથી જન્મે છે. અને ૪૦ ટકા શરીરના કારણોથી જન્મે છે.

હૃદય રોગીએ બીજી એક વાત ધ્યાનમાં રાખવા જેવી છે. જે કામો પોતે કરી શકતો હોય, તે કામ કરવાની ઈચ્છા હોય, તો તેણે પોતે જ તે કામો કરવા. બીજા તે કામ કરી આપશે, તેવી આશા રાખવી નહિ તો માનસિક અને શારીરિક રીતે અપંગ બની જવાનો સંભવ નથી.

---




# FARGO TRADING CO.

**General Wholesale Produce**

**Merchants & Direct Importers**

*Wish all a Happy Diwali and Prosperous New Year*



**8 GOLDSMITH ROAD, SALT RIVER**

**PHONE 55-4095**

## MAHATMA GANDHI AND HIS VIEWS ON

# *Temple Going*

When I bow to a living person and he returns it, it is a mutual exchange of courtesy and there is no particular merit about it. It may be a sign of good breeding. Temple-going is for the purification of the soul. The man who worships draws the best out of himself.

In greeting a living being, he may draw the best out of the person greeted, if the greeting is selfless. A living being is, more or less, fallible like oneself. But in the temple, one worships the Living God, perfect beyond imagination.

Letters written to living persons often end in heart-breaking, even when they are answered, and there is no guarantee of their being always answered. Letters to God who, according to the devotee's imagination, resides in temples, require neither pen nor ink nor paper, not even any kind of speech. Mere mute worship constitutes the letter which brings its own unfailing answer.

The whole function is a beautiful exercise of faith. Here there is no waste of effort, no heart-breaking, no danger of being misunderstood. One must try to understand the simple philosophy lying behind the worship in temples or mosques or churches.

He will understand my meaning better, if He will realise that I make no distinction between these different abodes of God. They are what faith has made them. They are an answer to man's craving somehow to reach the Unseen.

For the faithful Hindu, His Incarnation is without blemish. Krishna of the Hindu devotee is a perfect Being. He is unconcerned with the harsh judgment of the critics.

Millions of devotees of Krishna and Rama have had their lives transformed through their contemplation of God by these names.

How this phenomenon happens, I do not know. It is a mystery. I have not attempted to prove it.

Though my reason and heart long ago realised the highest attribute and name of God as Truth, I recognise Truth by the name of Rama. In the darkest hour of my trial, that one name has saved me and is still saving me.



It may be the association of childhood, it may be the fascination that Tulsidas has wrought on me. But the potent fact is there, and as I write these lines, my memory revives the scenes of my childhood when I used to visit daily the Ramji Mandir adjacent to my ancestral home. My Rama then resided there. He saved me from my fears and sins. I know nothing against Him.

Misdeeds might have gone on in the temple. Again I know nothing of them. Therefore, they would not affect me.

What was and is true of me is true of millions of Hindus.

# DOUBLE 'O'




*Half Litre*

- **ORANGE**
- **LEMON**
- **COCO PINE**
- **RASBERRY**
- **IRON BREW**
- **GINGER BEER**

## *Real Cool Refresher*

Printed by Esquire Press (Pty) Ltd., Hein Road, Athlone Industria 7764. Telephone 67-1260